ignou THE PEOPLE'S UNIVERSITY ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી

BAOU Education for all ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

તૃતીય વર્ષ બી.એ.

ઈતિહાસ : પેપર-06

# ભારતનો ઈતિહાસ

(ઈ.સ. ૧૮મી સદીના મધ્ય ભાગથી
૧૯મી સદીના મધ્ય ભાગ સુધી)

(મુખ્ય વિષય)

વિભાગ

# 5

# બ્રિટિશ શાસનની અસર : રાજ્યતંત્ર અને સમાજ
# (Impact of British Rule : Policy and Society)

એકમ : 23

બંધારણીય વિકાસ (1757-1758) (Constitutional Developments (1757-1858) 7

એકમ : 24

વહીવટ અને કાયદો (Administration and Law) 20

એકમ : 25

સામાજિક નીતિ અને ભારતીય પ્રતિભાવ
(Social Policy and Indian Response) 31

આ વિભાગ માટે કેટલાંક ઉપયોગી પુસ્તકો (Some Useful Books For This Block) 39

## Expert Committee


Prof. K. N. Panikar (*Chairman*)
Prof. B. D. Chattopadhyaya
Prof. S. Bhattacharya
Centre for Historical Studies
Jawaharlal Nehru University
New Delhi

Prof. Dwijendra Tripathi
Indian Institute of Management
Ahmedabad

Prof. A. J. Syed
History Department
Bombay University
Bombay

Prof. Sudhir Chandra
Centre for Social Studies
Surat

Prof. Anirudha Ray
Department of Islamic
History and Culture
Calcutta University
Calcutta

Prof. Gyan Pandey
History Department
Delhi University
Delhi

Dr. Aloka Parashar Sen
History Department
University of Hyderabad
Hyderabad

Dr. A. K. Khan

Prof. Kapil Kumar (*Convenor*)
IGNOU, New Delhi


## Course Team


Mr. Salil Misra
Mrs, Indira Sharma

**Course Co-ordinators**
Mr. Ajay Mahukar
Mr. Swaraj Basu


## Block Preparation Team

| Unit No. | Unit Writer | Faculty Members IGNOU |
|---|---|---|
| 23 | Mrs. Sucheta Mahajan<br>Delhi College of Arts and Commerce, New Delhi | Mr. Salil Misra<br>Mr. Ajay Mahurkar |
| 24 | Mr. Salil Misra<br>SOSS, IGNOU | |
| 25 | Mr. R. Gopinath<br>Jamia Millia Islamiya | |

## Course Editor


Prof. S. Bhattacharya
Centre for Historical Studies
Jawarharlal Nehru University
New Delhi


## Production


Mr. Balakrishna Selvaraj
Registrar (PPD)
IGNOU

October, 1991


© *Indira Gandhi National Open University, 1993*


ISBN 81-7091-991-8


*All rights reserved. No part of this work may be reproduced in any form, by mimeograph or any other means, without permission in writing from the Indira Gandhi National Open University.*



આ પુસ્તિકામાંની અભ્યાસ-સામગ્રી મૂળે ઇન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી,
નવી દિલ્હી, દ્વારા તૈયાર કરવામાં આવી છે. તેની સંમતિથી
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (અમદાવાદ)એ
તેનો ગુજરાતી અનુવાદ કરાવી આ પુસ્તિકા પ્રસિદ્ધ કરી છે.

## અનુવાદ :

ડૉ. રોહિત પી. પંડ્યા
રીડર,
ઇતિહાસ વિભાગ,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભવિદ્યાનગર-388 120

## પરામર્શ (વિષય) :

ડૉ. કે. સી. બારોટ
પ્રાધ્યાપક,
એલ. ડી. આર્ટ્સ કૉલેજ
અમદાવાદ-380 009

## પરામર્શ (ભાષા) :

ડૉ. એમ. એસ. પઢિયાર
પ્રાધ્યાપક,
એલ. ડી. આર્ટ્સ કૉલેજ
અમદાવાદ-380 009

## સંપાદન અને સંયોજન :

ડૉ. પી. કે. મહેતા
નિયામક,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
અમદાવાદ-380 003

## સંયોજન-સહાય :

શ્રી એસ. એચ. બારોટ
મદદનીશ કુલસચિવ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
અમદાવાદ-380 003

: પ્રકાશક :
કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
"જ્યોતિર્મય પરિસર", શ્રી બાલાજી મંદિરની સામે, સરખેજ-ગાંધીનગર હાઈવે,
અમદાવાદ-382481
© સર્વહક સ્વાધીન આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈપણ ભાગને
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર
મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈપણ રીતે પુન:મુદ્રિત કરવાની મનાઈ છે.

# વિભાગ : 5 પ્રસ્તાવના : (Introduction)

અગાઉના વિભાગોમાં આપણે ભારતમાં બ્રિટિશ શાસનની આર્થિક અસરો અને સાંસ્થાનિક શાસન હેઠળ હિંદના બદલાતા સાંસ્કૃતિક સ્વરૂપ અંગે ચર્ચા કરી છે. આ વિભાગમાં આપણે ભારતમાં સાંસ્થાનિક રાજ્યના વિકાસ અને તેણે ભારતીય સમાજ પર જન્માવેલા પ્રભાવ અંગે વિચારીશું.

ભારતમાં સાંસ્થાનિક રાજ્યની રચના અને તેનો વિકાસ પરસ્પર સંકળાયેલી એવી ત્રણ બાબતો પર આધારિત હતો. સૌપ્રથમ ભારતીય સમાજના સંદર્ભમાં રાજ્યનું સ્થાન અને તેની ભૂમિકા અંગેનો ખ્યાલ સ્પષ્ટ કરવો જરૂરી હતો. તે સાથે ઈસ્ટ ઇન્ડિયા કંપનીના શાસન હેઠળ ભારતના આંતરિક વહીવટ અને ઇંગ્લૅન્ડની સાર્વભૌમ સત્તા વચ્ચેના સંબંધોની યોગ્ય વ્યાખ્યા કરવી જરૂરી હતી. જ્યારે ત્રીજી બાબત ભારતીય વહીવટ અને કાયદાકીય વ્યવસ્થાને લગતી હતી. સમકાલીન બ્રિટિશ વિચારો, હિતો અને સામ્રાજ્યની વાસ્તવિક જરૂરિયાતોનો જેમાં યોગ્ય રીતે પડઘો પડતો હોય તે રીતે આ વ્યવસ્થાની રચના કરવી જરૂરી હતી. પ્રસ્તુત વિભાગમાં આ બધા મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી છે.

1857ની ઘટના પૂર્વે એક સૈકા દરમિયાન ભારતમાં બ્રિટિશ શાસનનું સ્વરૂપ કેવું હતું ? તેણે ભારતના રાજ્યતંત્ર અને સમાજમાં કેવું પરિવર્તન જન્માવ્યું ? સાંસ્થાનિક રાજ્યતંત્રની એક સુગ્રથિત વ્યવસ્થા તેણે કેવી રીતે ઊભી કરી ? વગેરે મુદ્દાઓની ચર્ચા આ વિભાગમાં કરી છે. 23મા એકમમાં બ્રિટિશ શાસન હેઠળ થયેલા બંધારણીય વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. તેમાં કંપનીશાસન દરમિયાન પસાર થયેલા કેટલાક કાયદાઓની ચર્ચા કરી છે.

હિંદમાં બ્રિટિશ સરકારની નીતિ, વહીવટી કામગીરી તથા સાર્વભૌમ સત્તા સાથેના તેના સંબંધો આ કાયદાઓ પર આધારિત હતા. 24મા એકમમાં ઈસ્ટ ઇન્ડિયા કંપનીના શાસન હેઠળ વિકાસ પામેલી વિવિધ વહીવટી અને કાયદાકીય સંસ્થાઓનો પરિચય આપ્યો છે. તેની પાછળ કયાં બ્રિટિશ હિતો કામ કરી રહ્યાં હતાં તેનું વિશ્લેષણ કરવાનો પ્રયાસ કર્યો છે. તેમાં માહિતી અને વિગતોનો ખડકલો કરી દેવાની પરંપરાગત અને શુષ્ક ઇતિહાસલેખન પદ્ધતિને બદલે તેનાં સામાજિક તથા આર્થિક પરિમાણોને ચકાસવા પર ભાર મૂક્યો છે. તે માટે છેલ્લા બે દાયકા દરમિયાન આ ક્ષેત્રે થયેલાં નવાં સંશોધનોનો આધાર લીધેલો છે. આ વહીવટી તથા કાયદાકીય સંસ્થાઓના વિકાસની મુખ્ય લાક્ષણિકતાઓ તથા દિશા સ્પષ્ટ કરવા પર ધ્યાન આપ્યું છે. 25મા એકમમાં આ જ મુદ્દાઓને 'સામાજિક નીતિ'ના સંદર્ભમાં તપાસ્યા છે. તેનાં નિર્ધારક બળો, તેમાં સાંસ્થાનિક રાજ્યની ભૂમિકા તથા ભારતીય સમાજની પ્રતિક્રિયાને આ એકમમાં ચકાસી છે. સતીપ્રથા, બાળહત્યા, ગુલામી પ્રથા જેવાં સામાજિક અનિષ્ટોની નાબૂદી અર્થે બ્રિટિશ સરકારે ભરેલાં કાયદાકીય અને વહીવટી પગલાંની ચર્ચા કરી છે. બ્રિટિશ શાસકોની રાજકીય અને વહીવટી નીતિ ભારતીય સમાજ, તેની પરંપરા તથા તેમાં પશ્ચિમની ભૂમિકા અંગેના તેમના ખ્યાલો અને અભિગમથી પ્રભાવિત થયેલી હતી. આ સંદર્ભે સ્થાનિક સમાજ અને સાંસ્થાનિક રાજ્ય કઈ ભૂમિકાએ એકબીજાના સંપર્કમાં હતા અને તેમની વચ્ચે કયા સ્તરે આંતરપ્રક્રિયા શક્ય હતી તે મુદ્દાને 25મા એકમમાં ચર્ચવામાં આવ્યો છે.

# એકમ : 23 બંધારણીય વિકાસ (1757-1858) : (Constitutional Developments) (1757-1858)

## રૂપરેખા


23.0 હેતુ અને પ્રસ્તાવના
23.1 નિયામકધારો 1773
23.2 પીટનો હિંદ અંગેનો ધારો 1784
23.3 સનદી ધારો 1793
23.4 સનદી ધારો 1813
23.5 સનદી ધારો 1833
23.6 સનદી ધારો 1853
23.7 હિંદ સરકારનો ધારો 1858
23.8 સારાંશ
23.9 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો


## 23.0 હેતુ અને પ્રસ્તાવના : (Objective and Introduction)

ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ જ્યારે ઈ.સ. 1600માં બ્રિટિશ સરકારની પરવાનગીથી પોતાની પ્રવૃત્તિઓનો પ્રારંભ કર્યો ત્યારે તેનું સ્વરૂપ માત્ર એક વ્યાપારી સંસ્થા જેવું હતું. સત્તરમી તથા અઢારમી સદીમાં પ્રવર્તમાન એવી આર્થિક વિચારધારાઓને અનુસરીને તે પોતાનો કારોબાર ચલાવતી હતી. પરંતુ આર્થિક હિતોના વિસ્તરણ અને સુરક્ષાના હેતુઓથી પ્રેરાઈને તેણે ભારતમાં રાજકીય ક્ષેત્રે પણ રસ લેવો શરૂ કર્યો, જેના ફળસ્વરૂપે અઢારમી સદીના મધ્ય ભાગ સુધીમાં તે ભારતની એક મહત્ત્વની પ્રાદેશિક સત્તા તરીકે પોતાનું સ્થાન પ્રસ્થાપિત કરી શકી. કલકત્તા, મુંબઈ, મદ્રાસ એ તેની પ્રાદેશિક સત્તાનાં મુખ્ય કેન્દ્રો બન્યાં, જે ભારતના રાજકીય તથા લશ્કરી નકશા પર મહત્ત્વનું સ્થાન ધરાવતાં થયાં. ઈ.સ. 1757માં પ્લાસી અને 1764માં બક્સરના વિજયોને કારણે ભારતમાં રાજકીય તથા વહીવટી સત્તા તરીકે કંપનીનું સ્થાન કાયમી બન્યું. ભારતની પ્રજાનો એક વિશાળ વર્ગ તેના શાસન નીચે મુકાયો. ભારતમાં કંપનીશાસનની સત્તાના મૂળ બે આધારો હતા : (1) ઈ.સ. 1600થી બ્રિટિશ સરકાર અને સંસદ તરફથી વિવિધ સમયે ભારતમાં વેપાર કરવા માટે તથા તેને સંબંધિત વ્યવસ્થા ઊભી કરવા માટે પ્રાપ્ત થયેલા અધિકારો અને (2) ભારતના સ્થાનિક શાસકો (મુઘલ સમ્રાટ, કર્ણાટક, બંગાળ, અવધના નવાબો વગેરે) દ્વારા સોંપવામાં આવેલી કેટલીક સત્તાઓ અને વહીવટી જવાબદારીઓ. રાજકીય સત્તા તરીકે વિકાસ થયો હોવા છતાં કંપનીનું મૂળ સ્વરૂપ વેપારી સંસ્થાનું હતું, જેથી માત્ર વેપારી હિતો જેવાં સંકુચિત મૂલ્યોને વરેલી સંસ્થાના હાથમાં આટલા મોટા વિસ્તાર તથા પ્રજા પર શાસન કરવાનો અબાધિત અધિકાર સોંપી દેવો એ બ્રિટનની સ્થાનિક સરકારને યોગ્ય લાગતો ન હતો. આ સંદર્ભે બ્રિટિશ સરકાર અને કંપની વચ્ચેના સંબંધોનું નિયમન કરતી કોઈ કાયમી વ્યવસ્થા ઊભી કરવાની જરૂર જણાઈ હતી. તેમાંથી ભારતમાં કંપનીશાસન અને પાછળથી તાજના શાસનનાં ધોરણો નક્કી કરતી બંધારણીય વ્યવસ્થાનો વિકાસ થયો. આ એકમમાં આપણે બંધારણીય વિકાસને લગતા મુદ્દાઓ તપાસીશું : (1) ભારતમાં બ્રિટિશ શાસનની પહેલી સદી દરમિયાન થયેલા કેટલાક મહત્ત્વના બંધારણીય ફેરફારો તથા વિકાસ, (2) કંપનીના હાથમાંથી તાજના હાથમાં ભારતીય વહીવટના હસ્તાંતરણની પ્રક્રિયા. (3) ભારતમાં બ્રિટિશ વહીવટી વ્યવસ્થાનો વિકાસ તથા (4) બંધારણીય તથા વહીવટી ફેરફારોની પાછળ કામ કરતાં રાજકીય તથા આર્થિક હિતો.

## 23.1 નિયામકધારો : (The Regulationg Act 1773)

'નિયામકધારો' એ બ્રિટિશ સરકારે ભારતમાં કંપનીના વહીવટીતંત્ર પર નિયંત્રણ મૂકવા માટે પસાર કરેલો સૌપ્રથમ મહત્ત્વનો કાયદો હતો. આ કાયદાથી કંપનીના ભારતીય વહીવટ અને ઘરઆંગણાની વ્યવસ્થામાં કેટલાક નોંધપાત્ર ફેરફારો થયા.

* આ કાયદાથી કંપનીના માલિકોના મંડળ (કોર્ટ ઑફ પ્રોપ્રાયટર્સ)ની સરખામણીમાં સંચાલક મંડળ (કોર્ટ ઑફ ડાયરેક્ટર્સ)ની સ્થિતિ મજબૂત બનાવવામાં આવી. માત્ર મોટા શૅરહોલ્ડરોને જ હવે મતાધિકાર મળે તેવી જોગવાઈ કરવામાં આવી. આ ઉપરાંત ડાયરેક્ટરોએ ભારતીય વહીવટીતંત્ર સાથેના તમામ પત્રવ્યવહારો તથા લશ્કરી અને દીવાની કાર્યવાહીથી બ્રિટિશ સરકારને માહિતગાર રાખવી તેવી તેમને સૂચના આપવામાં આવી.

ભારતના કંપનીના વહીવટમાં પણ ફેરફાર કરવામાં આવ્યો. બંગાળના ગવર્નરને ગવર્નર જનરલનો હોદ્દો આપવામાં આવ્યો. તેની સમિતિમાં ચાર સભ્યોની નિયુક્તિ કરવામાં આવી. કાઉન્સિલસહિત ગવર્નર જનરલ મુંબઈ તથા મદ્રાસ ઇલાકાના ગવર્નરો અને તેમના વહીવટ પર દેખરેખ અને અંકુશ રાખી શકતો. બંગાળ, બિહાર અને ઓરિસ્સાના વહીવટ તથા મહેસૂલી વ્યવસ્થાને લગતા કાયદા ઘડવાની સત્તા ગવર્નર જનરલ અને તેની કાઉન્સિલને સોંપવામાં આવી. આ અંગેના નિર્ણયો સમિતિની બહુમતિથી લેવાતા, પણ જો બંને પક્ષે સરખા મત હોય તો ગવર્નર જનરલ પોતાનો નિર્ણાયક મત આપી શકતો. ગવર્નર જનરલને વાર્ષિક 25,000 અને કાઉન્સિલના સભ્યને વાર્ષિક 10,000 પાઉન્ડ વેતન તરીકે આપવાનું ઠરાવવામાં આવ્યું. મદ્રાસ અને મુંબઈના ગવર્નરોએ નિયમિત રીતે તેમના ઇલાકાની મુખ્ય ઘટનાઓ, વહીવટ તથા દીવાની કે મહેસૂલી બાબતોને સ્પર્શતી તમામ માહિતી ગવર્નર જનરલને મોકલવી પડતી. જ્યારે બોર્ડ ઑફ ડાયરેક્ટરના સીધા અંકુશ નીચે મુકાયેલા ગવર્નર જનરલે કંપનીના હિતને સ્પર્શતી તમામ બાબતોથી બોર્ડને વાકેફ રાખવું પડતું.

આ કાયદા દ્વારા કલકત્તામાં એક સર્વોચ્ચ અદાલતની રચના કરવામાં આવી, જેમાં એક મુખ્ય ન્યાયાધીશ અને ત્રણ સહાયક ન્યાયાધીશોનો સમાવેશ થતો. સામાન્ય રીતે બંગાળ પ્રાન્તમાં વસતી અંગ્રેજ જનતા તેના કાર્યક્ષેત્રમાં આવતી. પરંતુ અન્ય વ્યક્તિઓ પણ જો બંને પક્ષને સ્વીકૃત હોય તો આ અદાલતમાં ખટલો લઈ જઈ શકતી.

વહીવટમાં સુધારો કરવાના અને ભ્રષ્ટાચાર નાબૂદ કરવાના આશયથી કંપનીના તમામ કર્મચારીઓને સ્થાનિક જનતા પાસેથી કોઈ પણ રૂપે ભેટસોગાદ સ્વીકારવાની તથા અંગત વ્યાપાર કરવાની મનાઈ કરવામાં આવી.

આ બંધારણીય સુધારો કેટલાક ઉમદા હેતુઓથી પ્રેરાઈને કરવામાં આવ્યો હતો. આમ છતાં તેમાં ઘણી બધી ત્રુટિઓ રહેવા પામી હતી. આ કાયદાનો અમલ કરવામાં આવ્યો ત્યારે તેની ત્રુટિઓ વધુ સ્પષ્ટ રીતે બહાર આવી. ઇંગ્લૅન્ડ તથા ભારત વચ્ચેના અંતરને કારણે વાસ્તવમાં કંપનીશાસન પર બ્રિટિશ સરકારનો અંકુશ ઘણો મર્યાદિત રહ્યો. વળી ગ.જ. અને તેની કાઉન્સિલના સભ્યો વચ્ચે ઉગ્ર મતભેદોને કારણે વહીવટી વિલંબ, અનિર્ણાયકતા અને અટપટો સ્વાભાવિક બન્યા. ગ.જ.ને કાઉન્સિલની બહુમતિના નિર્ણયની વિરુદ્ધ જવાની સત્તા ન હતી. નવી વ્યવસ્થાને કારણે કલકત્તાની કાઉન્સિલની ખટપટોની મુંબઈ તથા મદ્રાસના વહીવટ પર પણ વિપરીત અસરો પડતી હતી. કેટલીક વખત સ્થાનિક ગવર્નરો ગ.જ.ની સત્તાની અવગણના પણ કરતા હતા. વળી, ઘરઆંગણે પણ કંપનીનાં સંચાલનો તથા શૅરહોલ્ડરોની ગેરરીતિઓ અને બ્રિટિશ રાજકારણમાં તેમની ભ્રષ્ટ દખલગીરીને રોકવામાં પણ સરકારને ખાસ સફળતા મળી નહીં.

## 23.3 પીટનો હિંદ અંગેનો ધારો - 1784 : (Pitts' India Act - 1784)

નિયામકધારાની ક્ષતિઓ ટૂંક સમયમાં જ બહાર આવી. પરિણામે તેમાં સુધારો કરવાની સરકારને ફરજ પડી. આ સંદર્ભમાં 1781માં નાનો બંધારણીય સુધારો કરવામાં આવ્યો. પરંતુ તેનાથી પરિસ્થિતિમાં કોઈ ફેરફાર થયો નહીં. કંપનીની ખર્ચાળ યુદ્ધનીતિને કારણે તેના દેવામાં ભારે વધારો થયો હતો. તેણે બ્રિટિશ સરકાર સમક્ષ આર્થિક સહાય માટે પુનઃ માંગણી મૂકી હતી. આ સંદર્ભે બ્રિટિશ સંસદમાં કંપનીના વહીવટ અંગે ઉગ્ર ચર્ચા શરૂ થઈ હતી. ઘણા મતભેદો ઊભા થયા. શરૂઆતમાં લૉર્ડ ફોકસે આ અંગે નવો સુધારો કરવા પ્રયાસ કર્યો. પરંતુ તેને સફળતા મળી નહીં. છેવટે 1784માં વડા પ્રધાન પીટે નવો ખરડો મૂક્યો, જે બ્રિટિશ સંસદે પસાર કરતાં 'પીટના ધારા' તરીકે ઓળખાયો.

પીટના ધારાની જોગવાઈઓ મહદ્ અંશે કંપનીના લંડનસ્થિત વહીવટીતંત્રને વધુ સ્પર્શતી હતી. આ ધારાથી કંપનીના વહીવટીતંત્ર પર બ્રિટિશ સરકારનો અંકુશ વધારવામાં આવ્યો. અલબત્ત કંપનીના

ભારતીય પ્રદેશો પરની તેની સત્તામાં કોઈ હસ્તક્ષેપ કરવામાં આવ્યો ન હતો. એ રીતે જોતાં આ સુધારો પણ એક પ્રકારનું સમાધાનકારી પગલું હતું.

આ ધારા અનુસાર ઇંગ્લૅન્ડમાં એક નિયામકમંડળ (બોડ ઑફ કંટ્રોલ)ની રચના કરવામાં આવી, જેમાં બે કૅબિનેટ સ્તરના મંત્રીઓ સહિત કુલ છ સભ્યોની નિયુક્તિ કરવામાં આવી. આ નિયામક-મંડળે સંચાલક મંડળ અને ભારતની સરકાર પર દેખરેખ રાખવાનું તથા તેને માર્ગદર્શન આપવાનું કાર્ય કરવાનું હતું. આ મંડળે ભારતમાં બ્રિટિશ હસ્તક તમામ પ્રદેશોની સમગ્ર દીવાની તથા વહીવટી વ્યવસ્થા પર અંકુશ રાખવાનો હતો. ત્રણ સંચાલકોની એક વિશિષ્ટ સમિતિની રચના કરી. તેના હાથમાં રાજકીય અને લશ્કરી બાબતોને સ્પર્શતી સત્તા સોંપવામાં આવી હતી.

કંપનીના ભારત ખાતેના વહીવટમાં પણ આ કાયદા દ્વારા થોડાક ફેરફારો કરવામાં આવ્યા. તે અનુસાર સ્થાનિક વહીવટ ગર્વનર જનરલ અને ત્રણ સભ્યોની બનેલી કાઉન્સિલના હાથમાં મૂકવામાં આવ્યો. આ સભ્યોમાં એક સરસેનાપતિ હોવો જરૂરી હતો. ગવર્નર જનરલને નિર્ણાયક મત (કાસ્ટિંગ વૉટ) પણ આપવામાં આવ્યો, જેથી હવે કાઉન્સિલના એક જ સભ્યના સહકારથી ગ.જ. પોતાનો નિર્ણય અમલમાં મૂકી શકતો હતો. મદ્રાસ અને મુંબઈ ઇલાકાને સ્પષ્ટ રીતે કલકત્તાની સરકારની હકૂમત નીચે મૂકવામાં આવ્યા. ઇલાકાની સરકારોએ પોતાની સત્તા નીચેના પ્રદેશોમાં બનતી તમામ રાજકીય, વહીવટી તથા લશ્કરી ઘટનાથી કેન્દ્રીય સત્તાને વાકેફ રાખવાની હતી.

ગવર્નર જનરલ અને તેની કાઉન્સિલને બ્રિટિશ સરકારના અંકુશ નીચે મૂકવામાં આવ્યા. કંપનીના સંચાલકો તથા વિશિષ્ટ સમિતિની મંજૂરી વગર તેઓ કોઈ યુદ્ધ જાહેર કરી શકે નહીં તેવું નક્કી કરવામાં આવ્યું.

પીટનો ધારો ભારતના બંધારણીય અને વહીવટી વિકાસની દૃષ્ટિએ સીમાચિહ્નરૂપ હતો. આ કાયદાએ બ્રિટનમાં હિંદના શાસન સંબંધી દ્વિમુખી પદ્ધતિ દાખલ કરી. કંપનીના સંચાલક મંડળની સાથે હવે સરકાર દ્વારા નિયુક્ત નિયામકમંડળ પણ ભારતના વહીવટ પર દેખરેખ અને અંકુશ રાખવાનું કાર્ય કરવાનું હતું. ભવિષ્યમાં 1858 પછી નિયામક મંડળનું સ્થાન હિંદી વજીર (સેક્રેટરી ઑફ સ્ટેટ) અને તેની સમિતિ સંભાળવાના હતા. આ કાયદાએ ગવર્નર જનરલ અને તેની કાઉન્સિલના હાથમાં હિન્દમાં કંપની હસ્તક તમામ પ્રદેશોનો વહીવટી અંકુશ સોંપીને હિન્દમાં વહીવટી એકતા અને સમાનતાનો પણ પાયો નાખ્યો. વળી, કાઉન્સિલના સભ્યોની સંખ્યા ઘટાડી આંતરિક મતભેદો તથા જૂથબંધીઓની સામે ગ.જ.નું સ્થાન મજબૂત બનાવી તેને કાર્યક્ષમતાપૂર્વક કામ કરવાની અને વહીવટી કામગીરીમાં વિલંબની સ્થિતિ નિવારવાની અનુકૂળતા ઊભી કરી આપી. આવી જ અનુકૂળતા પ્રાન્તીય સરકારોને પણ કરી આપવામાં આવી.

આ કાયદાથી વહીવટી કેન્દ્રીકરણની પ્રક્રિયા શરૂ થઈ. પ્રાન્તો અને કલકત્તાની સરકાર પર બ્રિટિશ સંસદનો અંકુશ વધતો ગયો. તેની પરાકાષ્ટા 1858ના હિન્દ સરકારના ધારામાં આવી, જેના દ્વારા કંપનીશાસનનો અંત આણી બ્રિટિશ સંસદે હિન્દનો વહીવટ તાજને નામે પોતાને હસ્તક લીધો.

પીટના કાયદાની કેટલીક મર્યાદાઓ પણ હતી. તેણે સત્તા અને જવાબદારીનું અયોગ્ય વિભાજન કર્યું. ગવર્નર જનરલે બે માલિકોને ખુશ રાખવાના હતા. એક તરફ તો સંચાલક મંડળના આદેશોનું પાલન કરવાનું હતું અને બીજી તરફ નિયામક મંડળને પણ વહીવટી કામગીરીથી વાકેફ રાખી તેનાં સૂચનોનો અમલ કરવાનો હતો. કેટલાક હોંશિયાર ગવર્નર જનરલોએ આ બેવડી સરકારની અનિર્ણાયક પરિસ્થિતિનો લાભ લઈ પોતાના ધાર્યા નિર્ણયો પણ લીધા. લાંબા અંતરને કારણે હિન્દની સ્થાનિક પરિસ્થિતિથી ગૃહ સરકાર પૂરી રીતે વાકેફ રહી શકે તેમ ન હતી. ત્યારે અસામાન્ય સંજોગોમાં ગવર્નર જનરલના નિર્ણયો જ વાસ્તવમાં મહત્ત્વના બનતા.

પીટના ધારાએ તૈયાર કરેલા માળખાને આધારે છેક 1858 સુધી ભારતની સરકાર કામ કરતી હતી. કોર્નવૉલિસને જ્યારે ગવર્નર જનરલપદે નિયુક્ત કરવામાં આવ્યો ત્યારે તેણે રાજ્યની સલામતી જેવા મહત્ત્વના પ્રશ્નમાં પોતાની કાઉન્સિલની ઉપરવટ જવાની સત્તાનો આગ્રહ રાખતાં 1786ના કાયદા દ્વારા તેની આ માંગણી પૂર્ણ કરવામાં આવી હતી. તેના દ્વારા ગવર્નર જનરલ અને સરસેનાપતિનો હોદ્દો એક જ વ્યક્તિને સોંપવામાં આવ્યો હતો. 1788ના બીજા એક ધારા દ્વારા નિયામક મંડળની સત્તા વધુ મજબૂત કરવામાં આવી અને તેને સર્વોપરી બનાવવામાં આવ્યું. આ પગલું કંપનીના હાથમાંથી તાજના હાથમાં સત્તાના હસ્તાંતરણની દિશામાં નોંધપાત્ર પગલું હતું.

### 'તમારી પ્રગતિ ચકાસો'-1

1. બ્રિટિશ સરકાર કંપનીના વહીવટ પર અંકુશ મૂકવા શા માટે ઉત્સુક હતી ?

.....................................................................................................

.....................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

2. હિંદમાં કંપનીના શાસનની બ્રિટિશ રાજકારણ પર કેવી અસર પડી હતી ?

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

3. નિયામકધારાએ ઇંગ્લૅન્ડમાં ઘરઆંગણે કંપનીના વહીવટમાં કેવા ફેરફારો કર્યા ?

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

4. નિયામકધારાએ હિંદમાં કંપનીના શાસનમાં કેવા ફેરફારો કર્યા ?

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

5. નિયામકધારાની મુખ્ય ખામીઓ જણાવો.

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

6. પીટનો ધારો પસાર કરવા માટે કયા સંજોગો જવાબદાર હતા ?

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

7. પીટના ધારાએ કેવી રીતે દ્વિમુખી શાસન ઊભું કર્યું તે સમજાવો.

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

8. પીટના ધારામાં હિન્દના વહીવટને લગતી કઈ મુખ્ય જોગવાઈઓ હતી ?

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

9. પીટના ધારાની ખામીઓ દર્શાવો.

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

## 23.4 સનદી ધારો 1793 : (Charter Act 1793)

1773 સનદી ધારાએ કંપનીને 20 વર્ષ સુધી હિન્દમાં વહીવટ અને વ્યાપારનો ઈજારો આપ્યો હતો. 1793માં તેની મુદત પૂરી થતી હતી. આ સમયે બ્રિટનનાં રાજકીય વર્તુળોમાં કંપનીનો પરવાનો પુનઃ લંબાવી આપવા માટે અનુકૂળ વાતાવરણ હતું. બોર્ડ ઑફ કંટ્રોલના પ્રમુખ હેન્રી ડુંડાસે પરવાનો લંબાવી આપવાની ભલામણ કરી હતી. ગવર્નર જનરલ લૉર્ડ કોર્નવૉલિસે પણ આ મતને સમર્થન આપ્યું હતું. આ સંજોગોમાં કંપનીને બીજાં 20 વર્ષ માટે ભારતમાં તેને હસ્તક પ્રદેશોનો વહીવટ ચાલુ રાખવાનો પરવાનો આપવામાં આવ્યો. આ કાયદાની મુખ્ય જોગવાઈઓ નીચે પ્રમાણે હતી.

ગવર્નર જનરલ અને ગવર્નરોને વિશિષ્ટ સંજોગોમાં કાઉન્સિલની ઉપરવટ જવાનો અધિકાર આપવામાં આવ્યો. આ અધિકારની સ્પષ્ટ વ્યાખ્યા કરવામાં આવી. પ્રાન્તોના વહીવટ પર ગવર્નર જનરલના અંકુશને વધારે દઢ બનાવવામાં આવ્યો. ગવર્નર જનરલ જ્યારે બંગાળની બહાર હોય ત્યારે પોતાની કાઉન્સિલની સાથે ચર્ચાવિચારણા કર્યા વગર હિન્દના કેન્દ્રીય વહીવટ તથા પ્રાન્તીય વહીવટને લગતા હુકમો આપવાની તેને સત્તા આપવામાં આવી. કેન્દ્રીય સરકારને હસ્તક તમામ સત્તાઓનો તે ઉપયોગ કરી શકતો હતો. પ્રાન્તોની મુલાકાત વખતે સ્થાનિક ગવર્નરો તથા સરકારોના નિર્ણયોને રદબાતલ કરી પોતાના હુકમો આપી શકતો.

આ ધારા અન્વયે બંગાળના શાસન અર્થે ઘડાયેલા નિયમોનો એક સંગ્રહ તૈયાર કરવામાં આવ્યો, જે અનુસાર ભારતની જનતાની મિલકત, અધિકાર તથા અન્ય બાબતોને લગતા નિયમો તૈયાર કરી અદાલતોને તેનો અમલ તથા પાલન કરવાની સૂચના આપવામાં આવી. આ કાયદા દ્વારા એવું ઠરાવવામાં આવ્યું કે પ્રજાના વ્યક્તિગત અને મિલકત અંગેના આવા અધિકારોને લેખિત સ્વરૂપે છાપવા. તેનું સ્થાનિક ભાષાઓમાં ભાષાંતર તૈયાર કરાવવું તથા કયાં ધોરણો પર આવા કાયદા ઘડવામાં આવ્યા છે તેની સ્પષ્ટ સમજૂતી આપવી, જેથી લોકો તેમના અધિકારોથી વાકેફ બને.

આમ, 1793ના કાયદાએ હિંદમાં લિખિત સ્વરૂપના કાયદાનો પાયો નાખ્યો. પરિણામે પરંપરાઓ પર આધારિત, સ્વેચ્છાચારી અને વ્યક્તિગત સ્વરૂપના શાસનને બદલે હવે કાયદાના શાસનની પ્રણાલી શરૂ થઈ. આ કાયદાના અર્થઘટનની જવાબદારી અને સત્તા અદાલતોને સોંપવામાં આવી. આમ, ભારતમાં દુન્યવી સત્તા દ્વારા સ્થાપિત, એક સમાન જાહેર કાયદાના શાસનનો પ્રારંભ થયો, જે ભારતીય શાસનવ્યવસ્થાને ક્ષેત્રે મહત્ત્વનું સીમાચિહ્ન હતું. અલબત્ત, આ કાયદાએ ઊભી કરેલી વહીવટી વ્યવસ્થામાં ભારતીયોને કોઈ જવાબદાર સ્થાન આપવામાં આવ્યું ન હતું. તે તેની નોંધપાત્ર ખામી હતી.

## 23.5 સનદી ધારો 1813 : (Charter Act 1813)

વીસ વર્ષ પછી 1813માં કંપનીની સનદને પુનઃ વધારવાની હતી ત્યારે તે અંગે કંપનીની કામગીરીની તપાસ અર્થે 1808માં આમસભાના સભ્યોની બનેલી એક સમિતિ નિયુક્ત કરવામાં આવી. આ સમય દરમિયાન ભારતમાં કંપનીનું શાસન ઘણું વિસ્તરી ચૂક્યું હતું. ગૃહ સરકારની ચેતવણીને અવગણીને પણ લૉર્ડ વેલેસ્લી તથા માર્ક્વીસ ઑફ હેસ્ટિંગ્ઝે વિસ્તારવાદી નીતિ અપનાવી હતી નેપાળ, પંજાબ અને સિંધને બાદ કરતાં મોટા ભાગના પ્રદેશો કંપનીના સીધા યા પરોક્ષ અંકુશ નીચે આવી ગયા હતા. કંપની ભારે આર્થિક સંકડામણમાં મુકાઈ હતી અને સરકાર સમક્ષ સહાયની માંગણી કરી હતી. નેપોલિયનનાં યુદ્ધોએ યુરોપના રાજકીય નકશામાં મોટું પરિવર્તન જન્માવ્યું હતું. ઈંગ્લૅન્ડના વેપારીઓ માટે યુરોપીય વેપાર માટેની તકોમાં ઘટાડો થયો હતો. તેઓનું ધ્યાન પૂર્વ તરફ દોરાયું હતું. આ વિસ્તારમાં કંપનીના વ્યાપારી ઈજારાને તેઓ ખતમ કરવા ઈચ્છતા હતા. એડમ સ્મિથ અને તેના અનુયાયીઓ આર્થિક ક્ષેત્રે મુક્ત વેપારની નીતિના સિદ્ધાંતની હિમાયત કરતા હતા. બ્રિટનનાં રાજકીય વર્તુળોમાં આ વિચારસરણીનો સારો પ્રભાવ હતો. તે ઉપરાંત બેન્થામની ઉપયોગિતાવાદની વિચારધારાને અનુસરનારા સુધારાવાદીઓ, એવેન્જેલીકલ્સ (ખ્રિસ્તી-ધર્મની વિચારસરણી અનુસારના સમાજસુધારકો) તથા કેટલાક રૂઢિચુસ્તો ભારત પ્રત્યેની બ્રિટિશ સરકારની નીતિને પ્રભાવિત કરી રહ્યા હતા. એકંદરે તમામ હિતજૂથો ભારતમાં બ્રિટિશ સામ્રાજ્યની સ્થિરતાના સમર્થકો હતા. આ સંજોગોમાં બ્રિટિશ સંસદે 1813નો સનદી ધારો પસાર કર્યો. આ ધારાની મુખ્ય જોગવાઈઓ નીચે પ્રમાણે હતી :

આ ધારાએ ભારતમાં કંપની હસ્તક પ્રદેશો પર શાસન કરવાના કંપનીના અધિકારને બીજાં 20 વર્ષ સુધી વધારી આપ્યો. તે સાથે એ પણ સ્થાપિત કરવામાં આવ્યું કે આ પ્રદેશો પરની આખરી સાર્વભૌમ સત્તા બ્રિટિશ તાજની ગણાશે.

ભારત સાથેના વેપારનો કંપનીનો ઈજારો આ કાયદાથી નાબૂદ કરવામાં આવ્યો. ચીન સાથેના વ્યાપારનો તેનો ઈજારો બીજાં 20 વર્ષ સુધી લંબાવી આપવામાં આવ્યો. ભારતનો વ્યાપાર અન્ય બ્રિટિશ વેપારીઓ માટે ખુલ્લો મૂકવામાં આવ્યો. તે જ રીતે ધર્મપ્રચારકોને પણ પોતાની પ્રવૃત્તિ ચલાવવાની છૂટ આપવામાં આવી.

ભારતમાં કંપનીશાસન નીચેની પ્રજાના કલ્યાણ તથા તેમનામાં શિક્ષણ અને વિજ્ઞાનના પ્રચાર અર્થે કંપનીએ વર્ષે એક લાખ રૂપિયા ખર્ચવા તેવું ઠરાવવામાં આવ્યું. આમ, આ કાયદા હેઠળ પોતાના શાસન

હેઠળની હિન્દની પ્રજાના સામાજિક કલ્યાણની જવાબદારી બ્રિટિશ સરકારે ઉઠાવી તે આ કાયદાનું એક નોંધપાત્ર પાસું હતું.

## 23.6 સનદી ધારો 1833 : (Charter Act 1833)

1813થી 1833ના ગાળા દરમિયાન બ્રિટનના રાજકીય તથા સામાજિક જીવનમાં ભારે પરિવર્તન આવ્યું હતું. ઉદારમતવાદી, સુધારાવાદી તથા લોકશાહીવાદી વિચારધારાઓનો પ્રભાવ વધ્યો હતો. ફ્રાન્સની ક્રાન્તિ તથા ઔદ્યોગિક ક્રાન્તિએ સામાજિક સંરચના તથા વિચારધારાને ક્ષેત્રે ઘણાં વ્યાપક પરિવર્તનો જન્માવ્યાં હતાં. 'મુક્ત વ્યવહાર'ની નીતિ એ હવે બ્રિટિશ સમાજમાં સહજ સ્વીકૃત સિદ્ધાંત બન્યો હતો. આમજનતાના અધિકારો અને શાસિતો પ્રત્યે શાસકોની જવાબદારી અંગેની સભાનતા આમપ્રજા અને શાસક વર્ગમાં વ્યાપક બની હતી. 1832નો બંધારણીય સુધારો તથા ગુલામીના વેપાર પર પ્રતિબંધ મૂકતો ધારો એ નવા યુગનાં એંધાણ આપી રહ્યો હતો. બ્રિટનનો નવો બુદ્ધિજીવી અને સાહસિક વર્ગ ભારતમાં બ્રિટિશ સત્તાનો પોતાનાં વ્યક્તિગત હિતોના વિકાસ અર્થે લાભ લેવા ઉત્સુક હતો. કંપનીની વહીવટી ઇજારાશાહી તેને અમાન્ય હતી. પ્રજા અને બ્રિટિશ સંસદનો એક વર્ગ હવે કંપનીના હાથમાંથી હિંદનું શાસન બ્રિટિશ સરકાર હસ્તક લઈ લેવા માટે ઉગ્ર રજૂઆત કરતો હતો. આમ છતાં કંપનીની સેવામાં ઉચ્ચ અધિકારપદે રહેલા જેમ્સ મિલ તથા થોમસ મેકોલે જેવા બુદ્ધિશાળી અને પ્રતિભાવંત રાજપૂત કંપનીનો વહીવટ ચાલુ રહે તેવા મતનું સમર્થન કરતા હતા. તેમના પ્રભાવ નીચે બ્રિટિશ સંસદે સન 1833માં નવો સનદી ધારો પસાર કર્યો, જેની મુખ્ય જોગવાઈઓ નીચે પ્રમાણે હતી :

આ ધારા દ્વારા કંપનીને હિંદમાં પોતાને હસ્તક પ્રદેશોનો તાજના ટ્રસ્ટી તરીકે બીજાં વીસ વર્ષો સુધી વહીવટ કરવાનો અધિકાર આપવામાં આવ્યો.

ચીન સાથેના વેપારનો કંપનીનો ઇજારો નાબૂદ કરવામાં આવ્યો. તે સાથે તેને એવી સૂચના આપવામાં આવી કે શક્ય તેટલી ત્વરાએ તેણે ભારતમાં પોતાની તમામ વ્યાપારી પ્રવૃત્તિ સમેટી લેવી અને ભવિષ્યમાં માત્ર રાજકીય સત્તા તરીકે કાર્ય કરવું.

કંપનીના દેવાની જવાબદારી હિંદ સરકારને સોંપવામાં આવી. તેના શૅરહોલ્ડરોને વાર્ષિક $10\frac{1}{2}$ ટકાના ડિવિડન્ડની ખાતરી આપવામાં આવી. આ રીતે ભારતમાં વેપારીઓની રાજકીય સત્તાનો અંત આણવામાં આવ્યો.

નિયામકમંડળનો પ્રમુખ ભારતીય બાબતોને લગતો મંત્રી બન્યો. કંપનીના સંચાલકોનું કાર્ય હવે નિયામકમંડળના પ્રમુખના સલાહકારનું બન્યું. કંપની તાજના પ્રતિનિધિ તરીકે હિંદનો વહીવટ સંભાળતી હતી. તેના પર નિયામકમંડળની દેખરેખ, દોરવણી અને અંકુશ સ્થાપિત કરવામાં આવ્યા. કંપનીના વહીવટમાં ઉચ્ચ અધિકારીઓની નિયુક્તિ અંગેની સંચાલકોની સત્તા પર પણ કાપ મૂકવામાં આવ્યો.

બ્રિટિશ નાગરિકો તથા યુરોપિયનોના ભારતમાં વસવાટ પરના પ્રતિબંધો દૂર કરવામાં આવ્યા. તેમને ભારતમાં વસવાની, સંપત્તિ ધારણ કરવાની તથા વ્યાપાર કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા આપવામાં આવી.

આ ધારા હેઠળ હિન્દના કેન્દ્રીય વહીવટમાં પણ નોંધપાત્ર પરિવર્તન આવ્યું. બંગાળના ગવર્નર જનરલને હવે હિન્દના ગવર્નર જનરલનો હોદ્દો આપવામાં આવ્યો. કંપની હસ્તક હિન્દના તમામ પ્રદેશો અને પ્રાન્તીય સરકારો પર ગ.જ. અને તેની કાઉન્સિલનો અંકુશ વધારે મજબૂત અને સ્પષ્ટ કરવામાં આવ્યો. સરકારી ખર્ચને લગતી તમામ બાબતો પર કેન્દ્રીય સરકારનો સંપૂર્ણ અધિકાર સ્થાપિત કરવામાં આવ્યો. મુંબઈ, મદ્રાસ તથા બંગાળની પ્રાન્તીય સરકારો માટે કોઈ પણ નવો હોદ્દો ઊભો કરવા તથા તેને લગતા વહીવટી ખર્ચ માટે ગ.જ.ની મંજૂરી આવશ્યક હતી.

હિન્દમાં કાનૂની સમાનતા અને કેન્દ્રીકરણની દિશામાં પણ આ કાયદાનો નોંધપાત્ર ફાળો હતો. **ગ.જ.** અને તેની સમિતિ હવે સમગ્ર બ્રિટિશ પ્રદેશો માટે કાયદો ઘડી શકતી. આ કાયદા કંપનીના શાસન હેઠળ વસતા તમામ બ્રિટિશ, ભારતીય તથા યુરોપિયન નાગરિકોને સમાન રૂપે લાગુ પડતા હતા. કાયદો ઘડવાની કામગીરી માટે ગ.જ.ની કાઉન્સિલમાં એક વધારાના કાયદાસભ્યની નિયુક્તિ કરવામાં આવી.

તે માત્ર ધારાકીય કાર્યવાહીમાં ભાગ લઈ શકતો. પ્રથમ કાયદાસભ્ય તરીકે લૉર્ડ મેકોલેની નિયુક્તિ થઈ. બંધારણીય રીતે તેની સત્તા મર્યાદિત હોવા છતાં પોતાના સભ્યપદ દરમિયાન તેણે હિન્દ સરકારના વહીવટી નિર્ણયો અને ખાસ કરીને શિક્ષણનીતિની બાબતમાં મહત્ત્વની ભૂમિકા બજાવી હતી.

હિંદમાં પ્રવર્તતા વિવિધ કાનૂનો વચ્ચે સમાનતા અને તેના સંકલન માટે પણ આ ધારામાં જોગવાઈ કરવામાં આવી. 1833 પહેલાં બ્રિટિશ પ્રદેશોમાં એકસાથે ઘણા કાયદા અમલમાં હતા. બ્રિટિશ કાયદો, પ્રાન્તોના પોતાના આગવા કાયદા, હિન્દુધારો, મુસ્લિમ ધારો, સ્થાનિક રિવાજો પર આધારિત કાયદા વગેરે. આવા અનેક કાયદાને આધારે ન્યાય અને વહીવટી વ્યવસ્થા કાર્ય કરતી હતી. પરિણામે તેમાં ઘણો ગૂંચવાડો ઊભો થતો હતો. 1833ના કાયદાથી ગવર્નર જનરલને એક કાયદા પંચ (લૉ કમિશન)ની નિયુક્તિ કરવાનો અધિકાર આપવામાં આવ્યો. આ કમિશને હિંદમાં પ્રચલિત વિવિધ કાયદાઓનો અભ્યાસ કરી તેનો સંગ્રહ કરવાની કામગીરી કરવાની હતી. તેના પ્રયાસોના ફલસ્વરૂપે 'ઇન્ડિયન પીનલ કોડ' અને 'કોડ્ઝ ઑફ સિવિલ ઍન્ડ કમિશન લૉ' તૈયાર કરવામાં આવ્યાં.

આ કાયદાથી પ્રાન્તોની કાઉન્સિલોની સભ્યસંખ્યા ઘટાડીને બેની કરવામાં આવી. મુંબઈ અને મદ્રાસના ગવર્નરોને અલગ સૈન્યો રાખવાની સત્તા આપવામાં આવી. આ પ્રાન્તીય સૈન્યો હિંદના સરસેનાપતિના અંકુશ નીચે રહેતા. પ્રાન્તીય ગવર્નરો સ્વતંત્ર રીતે કાયદા ઘડી શકતા ન હતા તે માટે તેમણે ગ.જ.ની કાઉન્સિલ સમક્ષ પ્રસ્તાવ મૂકવો પડતો. તે જ રીતે વહીવટી ખર્ચની બાબતમાં પણ તેમણે કેન્દ્રીય સત્તાના અંકુશ નીચે કાર્ય કરવાનું રહેતું.

આ કાયદાની 87ની કલમ ઘણી મહત્ત્વની હતી. આ કલમ દ્વારા એવું જાહેર કરવામાં આવ્યું હતું કે ''હિંદમાં અથવા તો તાજના શાસન હેઠળના પ્રદેશમાં જન્મેલ કોઈ પણ વ્યક્તિને ધર્મ, જન્મ સ્થળ, જાતિ કે રંગને આધારે કંપનીની નોકરી માટે ગેરલાયક ગણવામાં આવશે નહીં.'' આ એક મહત્ત્વની જાહેરાત હતી, જેના દ્વારા હિંદના નાગરિકોને વહીવટીતંત્રમાં સમાન તકોનું વચન આપવામાં આવ્યું હતું. અલબત્ત તેનું માત્ર સૈદ્ધાંતિક મહત્ત્વ હતું. કારણ કે તેનો કોઈ અમલ કરવામાં આવ્યો ન હતો. પરંતુ તેના સૈદ્ધાંતિક સ્વીકારે ભારતના નવશિક્ષિત વર્ગમાં નવી મહત્ત્વાકાંક્ષાઓને જન્મ આપ્યો. જ્યારે બ્રિટિશ સરકારે આ વચનનું પાલન કરવામાં ઉપેક્ષા દાખવી ત્યારે આ શિક્ષિત વર્ગમાં વ્યાપક અસંતોષ ફેલાયો, જે ઓગણીસમી સદીના ઉત્તરાર્ધના ગાળા દરમિયાન ભારતીય રાષ્ટ્રવાદના ઉદયનું મહત્ત્વનું પરિબળ બન્યો.

## 'તમારી પ્રગતિ ચકાસો'-2

(નોંધ : પ્રત્યેક પ્રશ્નનો જવાબ 50 થી 60 શબ્દોમાં આપો).

**1.** 1793ના સનદી ધારાએ હિન્દના વહીવટીક્ષેત્રે કયા મહત્ત્વના ફેરફારો જન્માવ્યા ?

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

**2.** 1813ના સનદી ધારાની મુખ્ય જોગવાઈઓ જણાવો.

..................................................................................................................

..................................................................................................................

..................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

3. 1833નો સનદી ધારો પસાર કરતી વખતે તેના પર ઇંગ્લૅન્ડના કયા પ્રવાહોની અસર પડી હતી ?

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

4. 1833ના કાયદાએ કંપનીના વ્યાપારી અધિકારો સંદર્ભે શો નિર્ણય લીધો ?

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

5. 1833ના કાયદાએ ઇંગ્લૅન્ડમાં કંપનીની વહીવટી વ્યવસ્થા અંગે શો નિર્ણય લીધો ?

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

6. "1833ના સનદી ધારાએ હિન્દમાં વહીવટી કેન્દ્રીકરણની પ્રવૃત્તિને વેગ આપ્યો." આ વિધાનની સમજૂતી આપો.

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

..............................................................................................................................

7. '1833નો ધારો પરોક્ષ રીતે હિન્દમાં રાષ્ટ્રીયતાની ભાવનાને પ્રેરક બન્યો હતો.' આ વિધાન સાથે તમે કેટલે અંશે સંમત છો ?

..............................................................................................................................

..............................................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

## 23.7 સનદી ધારો 1853 : (Charter Act 1853)

1833 થી 1853 દરમિયાન ભારત અને બ્રિટનના રાજકારણમાં ઘણાં પરિવર્તનો આવી ચૂક્યાં હતાં. ભારતમાં રાજા રામમોહનરાયે શરૂ કરેલી સુધારાની પ્રવૃત્તિ મંદ છતાં દૃઢ રીતે આગળ વધી રહી હતી. નવશિક્ષિતોનો એક વર્ગ હવે હિંદમાં વહીવટી સુધારા માટે માંગણી કરી રહ્યો હતો. બૉમ્બે ઍસોસિયેશન તથા મદ્રાસ નેટીવ ઍસોસિયેશન જેવી રાજકીય સંસ્થાઓએ હિંદની વહીવટીય વ્યવસ્થામાં પરિવર્તન કરવા અંગે બ્રિટિશ સરકારને વિનંતિપત્રો પણ લખ્યા હતા. ભારતના વહીવટીતંત્રે પણ 1833ના કાયદાની કેટલીક મર્યાદાઓ દૂર કરવા પર ભાર મૂક્યો હતો. ભારતના ગવર્નર જનરલ અને બંગાળના ગવર્નરનો હોદ્દો એક જ વ્યક્તિને સોંપવાની વ્યવસ્થાનો વિરોધ થયો હતો. ભારતના વહીવટ અને કાયદા ઘડવાની પ્રક્રિયામાં ભારતનાં હિતોને સ્થાન મળવું જોઈએ, તેવો મત ઇંગ્લૅન્ડમાં કેટલાક ઉદારવાદી રાજપુરુષોએ વ્યક્ત કર્યો હતો. કેટલાકે કંપનીનો વહીવટ દૂર કરી બ્રિટિશ સરકારે હિંદનું શાસન પોતાના હાથમાં લઈ લેવું જોઈએ તેવી ભલામણ પણ કરી હતી. પરિણામે 1853માં બ્રિટિશ સંસદે જે નવો સનદી ધારો પસાર કર્યો તેમાં હિન્દના વહીવટ અને કંપનીના ભાવિ પર અસર કરતી ઘણી જોગવાઈઓ હતી.

આ કાયદા દ્વારા ભારતમાં કંપનીના શાસનને નિશ્ચિત સમય સુધી વધારી આપવાને બદલે જ્યાં સુધી બ્રિટિશ સંસદ અન્ય વ્યવસ્થા ન કરે ત્યાં સુધી તેને તાજ અને તેના વારસોના પ્રતિનિધિ તરીકે હિંદનો વહીવટ સંભાળવાનો અધિકાર આપવામાં આવ્યો. નિયામકમંડળ, તેના અધ્યક્ષ તથા અન્ય સભ્યોનાં પગાર-ભથ્થાં વગેરે પણ સંસદ નક્કી કરે તેવું ઠરાવવામાં આવ્યું. સંચાલકમંડળના સભ્યોની સંખ્યા 24થી ઘટાડીને 18ની કરવામાં આવી, જેમાં 6 તાજ દ્વારા નિયુક્ત કરવાના હતા. ભારતના ઉચ્ચ અધિકારીઓની નિમણૂક કરવાનો સંચાલકમંડળનો અધિકાર લઈ લેવામાં આવ્યો. તેને બદલે સ્પર્ધાત્મક પરીક્ષાઓ દ્વારા આવા અધિકારીઓની નિયુક્તિ કરવાનું ઠરાવવામાં આવ્યું. ભારતમાં બ્રિટિશ પ્રાન્તોની સરહદોમાં ફેરફાર કરવાની તથા નવા પ્રાન્તોની રચના કરવાની સત્તા સંચાલકોને આપવામાં આવી.

આ કાયદાથી ભારતના વહીવટમાં પણ નોંધપાત્ર ફેરફાર કરવામાં આવ્યો. કારોબારીવિષયક અને ધારાકીય કામગીરીને એકબીજાથી અલગ કરવાની દિશામાં એક ડગલું આગળ ભરવામાં આવ્યું. અલબત્ત હિન્દની આ 'નાનકડી ધારાસભા'ની કામગીરીને કારણે ગૃહ સરકારને થોડીક ચિંતા થઈ હતી કે કદાચ આ વ્યવસ્થાને કારણે હિંદમાં તેમના આપખુદ અમલની જડબેસલાક વ્યવસ્થામાં લોકશાહી પ્રક્રિયા તરફ લઈ જતું કોઈ બારું ખૂલી જશે. ખાસ કરીને આ સભામાં મહદ્ અંશે બ્રિટિશ અધિકારીઓ જ સમાવવામાં આવ્યા હતા. તેઓ સરકારની કામગીરી અંગે પૂરતી જાગૃતિ દાખવી હિંમતપૂર્વક પ્રશ્નો પૂછી તંત્ર અંગેની કેટલીક ફરિયાદો દૂર કરવાની માંગણી કરવા લાગ્યા. તેમણે સરકારના કેટલાક ખરડાઓનો સમિતિની બેઠકમાં વિરોધ પણ કર્યો. આ કારણે ગૃહ સરકાર નારાજ થઈ અને આવી પ્રવૃત્તિને પોતાની તથા કારોબારીની સત્તાના અનાદર અને બિનજરૂરી હસ્તક્ષેપ તરીકે જોવા લાગી. તેમાં કોઈ હિન્દી સભ્ય ન હોવા છતાં આ ધારાસભાની કામગીરીએ સમગ્ર તંત્રના સ્વરૂપને ફેરવી નાંખ્યું હતું. અને પોતે એક 'ઍંગ્લો ઇન્ડિયન આમસત્તા (ઍંગ્લો ઇન્ડિયન હાઉસ ઑફ કૉમન્સ) બની ગઈ હતી.

## 23.8 હિંદસરકારનો ધારો 1858 : (Government of India Act 1858)

1853ના સનદી ધારાએ કંપનીને હિન્દુસ્તાન પર શાસન કરવાનો અધિકાર લંબાવી આપ્યો પરંતુ તેનો કોઈ સમય નિશ્ચિત કરવામાં આવ્યો ન હતો. ત્યારથી જ સ્પષ્ટ બન્યું હતું કે હવે બ્રિટનના રાજકીય

સૂત્રધારો કંપનીને લાંબો સમય હિન્દના માલિક તરીકે રહેવા દેશે નહીં. બ્રિટિશ સરકાર ધીમેધીમે હિંદના વહીવટ પર પોતાનો અંકુશ વધારી રહી હતી અને તેને સંપૂર્ણ બનાવવા માટે અનુકૂળ તક શોધી રહી હતી. આ તક 1857ના વિપ્લવે પૂરી પાડી. વિપ્લવે સર્જેલી અંધાધૂંધી અને ખાનાખરાબીના બ્રિટનમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા. અને એક બિનજવાબદાર વેપારી પેઢીના હાથમાં હિંદ જેવા વિશાળ પ્રદેશનો વહીવટ સોંપી દેવાની નીતિની ભારે ટીકા થઈ. બ્રિટનના વ્હીગ અને ટોરી બંને પક્ષોએ સંયુક્ત રીતે કંપનીના શાસનનો અંત લાવવાની પ્રક્રિયાનો આરંભ કર્યો. બ્રિટિશ વડાપ્રધાન લૉર્ડ પામર્સ્ટને હિંદનો વહીવટ તાજને નામે સરકાર હસ્તક લેવાનો આશય જાહેર કર્યો. જ્હૉન સ્ટુઅર્ટ મિલે કંપનીના અધિકારોની તરફેણમાં પ્રભાવશાળી બચાવનામું રજૂ કર્યું પરંતુ તેની કોઈ અસર પડી નહીં. બોર્ડ ઑફ કંટ્રોલના પ્રમુખ લૉર્ડ સ્ટેનલીએ હિંદની 'સારી સરકાર' માટેનો ખરડો સંસદમાં રજૂ કર્યો, જે ઑગસ્ટ 1858માં 'હિંદસરકારના ધારા' તરીકે પસાર થયો.

આ ધારા દ્વારા હિંદનો વહીવટ ઇસ્ટ ઇન્ડિયા કંપનીના હાથમાંથી તાજના હાથમાં ચાલ્યો ગયો. કંપની હસ્તકનાં લશ્કરો હવે તાજના અધિકાર નીચે આવ્યાં. 'નિયામકમંડળ' તથા 'સંચાલકમંડળ'ને નાબૂદ કરવામાં આવ્યાં. તેમનું સ્થાન હિન્દી વજીર (સેક્રેટરી ઑફ સ્ટેટ) અને તેની સમિતિએ લીધું. તેઓ બ્રિટનની સામ્રાજ્ઞીને નામે હિંદના વહીવટ પર દેખરેખ રાખવાના હતા. હિંદી વજીર બ્રિટિશ સંસદ અને પ્રધાનમંડળનો સભ્ય રહેવાનો હતો. અને તે રીતે તે સંસદને જવાબદાર હતો. ભારતના વહીવટ અંગેની આખરી સત્તા સંસદના હાથમાં રહેવાની હતી.

આ ધારા દ્વારા પંદર સભ્યોની એક 'ભારતીય સમિતિ' (ઇન્ડિયા કાઉન્સિલ)ની રચના કરવામાં આવી. તેણે હિંદી વજીરને તેના કાર્યમાં સલાહ તથા સહાય આપવાની કામગીરી બજાવવાની હતી. આ સમિતિમાં ઓછામાં ઓછા અડધા સભ્યો એવા હોવા જરૂરી હતા કે જેમણે ભારતમાં ઓછામાં ઓછાં દસ વર્ષ ગાળ્યાં હોય અને ભારત છોડે તેને દસ વર્ષથી વધુ સમય થયો ન હોય. નાણાકીય બાબતમાં હિંદી વજીર આ સમિતિની સલાહ માનવા બંધાયેલો હતો. તે સિવાયની અન્ય બાબતોમાં તે સમિતિની સલાહની અવગણના કરી શકતો.

હિન્દી વજીર ભારત સરકાર અને ગવર્નર જનરલ સાથે સીધા સંપર્કમાં રહેતો. તેણે વખતોવખત ભારતના ભૌતિક અને નૈતિક વિકાસથી સંસદને માહિતગાર રાખવાની હતી. તે હિન્દની નાણાકીય સ્થિતિ અને આવકજાવકનો હેવાલ સંસદમાં રજૂ કરતો. કાઉન્સિલની સલાહ દ્વારા હિન્દના મહત્ત્વના અધિકારીઓની નિયુક્તિ કરતો.

હિન્દના ગવર્નર જનરલને વાઇસરૉયની પદવી આપવામાં આવી. હિન્દનાં સ્થાનિક રાજ્યો સાથેના વ્યવહારમાં તે આ હોદ્દાની રૂએ કામગીરી બજાવતો. તે વખતે તે તાજનો પ્રતિનિધિ ગણાતો. ગવર્નર જનરલ હવે સીધો બ્રિટિશ સરકારને જવાબદાર બન્યો હતો. અને તેના અધિકારો પર ઘણી મર્યાદા મુકાઈ હતી.

ભારતની સરકારે પોતાની તમામ કામગીરી બાબતે હિંદી વજીર અને તેની સમિતિએ ઘડેલા કાયદા અને નિયમોને આધીન રહીને વર્તવાનું હતું. તમામ ધારાકીય, વહીવટી, મહેસૂલી, જાહેર બાંધકામ, રેલવે, રોજગારી, નવી નીતિઓ અને ખર્ચને લગતી બાબતો પર હિંદી વજીરની પૂરતી દેખરેખ રહેતી. આ અંગે હિંદી વજીર અને તેની કાઉન્સિલ દ્વારા તૈયાર કરાયેલા તમામ કાયદા તથા નિયમો આમ-સભામાં રજૂ કરવામાં આવતા.

આમ, 1858ના હિન્દસરકારના ધારાએ હિંદમાં કંપની આધીન પ્રદેશો પર બ્રિટિશ સરકારની સર્વોપરિતા પ્રસ્થાપિત કરવાની પ્રક્રિયા પૂર્ણ કરી. અલબત્ત, ઇતિહાસની એ એક વિચિત્રતા હતી કે કંપનીશાસન દરમિયાન જે બ્રિટિશ સંસદ ભારતીય વહીવટની બાબતમાં પૂરેપૂરી જાગૃત હતી અને કંપનીના વહીવટની ઉગ્ર ટીકાકાર રહી હતી તે આ વહીવટ પોતાના હાથમાં આવ્યા પછી હિન્દના પ્રશ્ને ઊંઘતી વાલી બની ગઈ.

## 'તમારી પ્રગતિ ચકાસો'-3

1. હિન્દનો વહીવટ તાજે પોતાના હાથમાં લઈ લીધો તે માટે 1857ના વિપ્લવને કેટલે અંશે જવાબદાર ગણી શકાય ?

.................................................................................................

.................................................................................................

.................................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

2. 1858ના હિન્દ સરકારના ધારાએ ઇંગ્લૅન્ડ સ્થિત ગૃહ સરકારમાં શું ફેરફારો કર્યા ?

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

3. 1858ના ધારાએ ભારતમાંની વહીવટી વ્યવસ્થામાં કરેલા ફેરફારો જણાવો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

## 23.9 સારાંશ : (Let us Sum Up)

ઈ.સ. 1757માં ઇસ્ટ ઇન્ડિયા કંપનીનો હિંદમાં રાજકીય સત્તા તરીકે ઉદય થયા પછી તેના પર અંકુશ મૂકવાના આશયથી હિંદમાં બંધારણીય ફેરફારોનો પ્રારંભ થયો. બ્રિટિશ સરકાર કંપનીના કારોબારને પોતાની દેખરેખ નીચે રાખવા ઇચ્છતી હતી. વળી, ખાનગી વેપારીઓ, ઉદ્યોગપતિઓ અને બ્રિટિશ રાજપુરુષો દ્વારા કંપનીના વેપારી ઇજારા પર તથા રાજકીય સત્તા પર નિયંત્રણ મૂકવા સતત દબાણ થતું રહ્યું હતું. આમાંથી એક પછી એક બંધારણીય પગલાની શરૂઆત થઈ. સૌપ્રથમ મહત્ત્વનું પગલું 1773ના 'નિયામકધારા' હેઠળ ભરાયું. તેના દ્વારા કંપનીનો વહીવટ બ્રિટિશ સરકારની દેખરેખ નીચે મુકાયો. વળી, કલકત્તામાં સર્વોચ્ચ અદાલતની સ્થાપના દ્વારા હિન્દના વહીવટી માળખામાં પણ નવા પરિવર્તનનો પ્રારંભ થયો. પીટના ધારાએ આ અંકુશ વધારે મજબૂત બનાવ્યો. ગ.જ.નું સ્થાન સર્વોપરી બનાવ્યું તથા 'નિયામકમંડળ' દ્વારા તેને બ્રિટિશ સરકારને જવાબદાર બનાવવામાં આવ્યો. 1813ના સનદી ધારાએ કંપનીના હિંદ ખાતેના વ્યાપારી ઇજારાનો અંત આણ્યો. અલબત્ત, ભારતમાં મહેસૂલી તથા વહીવટી અધિકારો અને ચીન સાથેના વેપારને લગતા અધિકારો તેની પાસે ચાલુ રહ્યા. 1833ના કાયદાએ ચીન સાથેના વ્યાપારી અધિકારો આંચકી લઈ એક વ્યાપારી પેઢી તરીકે કંપનીની કામગીરીનો અંત આણ્યો. હિંદમાં ધારાકીય કામગીરીનો પ્રારંભ કર્યો તથા ધર્મ, જાતિ કે રંગને આધારે ભારતના પ્રજાજનો વચ્ચે કોઈ ભેદભાવ રખાશે નહીં તેવી જાહેરાત કરવામાં આવી. 1853ના ધારાએ કંપનીની હિન્દ પરની સત્તાનું ભાવિ અનિશ્ચિત બનાવ્યું. 1858ના ધારાએ તેના પર પૂર્ણવિરામ મૂક્યું અને હિંદનો વહીવટ સંપૂર્ણ રીતે તાજને નામે બ્રિટિશ સંસદ અને સરકારના હાથમાં આવ્યો. હિન્દી વજીર તથા વાઇસરૉયના હોદ્દા હિંદના ભાવિ વહીવટીતંત્રના મુખ્ય આધારસ્તંભો બન્યા.

## 23.6 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો :

**'તમારી પ્રગતિ ચકાસો'-1**

(1) જુઓ વિભાગ 23.1

(2) જુઓ વિભાગ 23.1

(3) જુઓ વિભાગ 23.2

(4) જુઓ વિભાગ 23.2

(5) જુઓ વિભાગ 23.2

(6) જુઓ વિભાગ 23.3

(7) જુઓ વિભાગ 23.3

(8) જુઓ વિભાગ 23.3

(9) જુઓ વિભાગ 23.3

## 'તમારી પ્રગતિ ચકાસો'-2

(1) જુઓ વિભાગ 23.4

(2) જુઓ વિભાગ 23.5

(3) જુઓ વિભાગ 23.6

(1) (i) અને (ii) પેટાવિભાગ 24.2.1 (iii) અને (iv) જુઓ પેટાવિભાગ 24.2.2

(2) (i) ખરું (ii) ખોટું (iii) ખોટું (iv) ખરું (v) ખોટું (vi) ખરું

(3) જુઓ પેટાવિભાગ 24.2.2

## 'તમારી પ્રગતિ ચકાસો'-3

(1) જુઓ વિભાગ 23.7 અને 23.8

(2) જુઓ વિભાગ 23.8

(3) જુઓ વિભાગ 23.8

# એકમ : 24 વહીવટ અને કાયદો : (Administration and Law)

**રૂપરેખા**

24.0 હેતુ અને પ્રસ્તાવના
24.1 પાર્શ્વભૂમિકા
24.1.1 વહીવટ સંદર્ભે બ્રિટિશ વિચારસરણી
24.1.2 બ્રિટિશ હિતો
24.2 સંસ્થાકીય માળખું
24.2.1 ન્યાયકીય વ્યવસ્થા
24.2.2 વહીવટી વ્યવસ્થા
24.2.3 ભારતીય સામેલગીરી
24.3 સારાંશ
24.4 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

## 24.0 હેતુ અને પ્રસ્તાવના : (Objective and Introduction)

અગાઉ 23મા એકમમાં આપણે 1773થી 1858 સુધી બ્રિટિશ સરકારે ભારતમાં કંપનીના વહીવટ સંબંધે જે બંધારણીય જોગવાઈઓ કરી તેનો અભ્યાસ કર્યો. હવે આ એકમમાં આપણે બ્રિટિશ શાસકોએ કેવા પ્રકારનું વહીવટી માળખું ઊભું કર્યું તે તપાસીશું. હિંદમાં વ્યાપારી હેતુથી પ્રવેશેલી ઇસ્ટ ઇન્ડિયા કંપની ચોક્કસ આર્થિક અને રાજકીય હેતુથી પ્રેરાઈને અઢારમી સદી દરમિયાન રાજકીય સત્તા તરીકે ઉદય પામી. ઓગણીસમી સદીના પ્રારંભિક દાયકાઓ સુધીમાં હિંદમાં એક વિશાળ સામ્રાજ્યની તે માલિક બની. લશ્કરી વિજયો દ્વારા પ્રાપ્ત કરેલા આ પ્રદેશોને કાયમી રીતે પોતાની સત્તા નીચે રાખવા માટે એક વ્યાપક અને કાર્યક્ષમ વહીવટી વ્યવસ્થાની જરૂર હતી. શરૂઆતમાં કંપનીએ જે વિસ્તારો કબજે કર્યા ત્યાં પરંપરાગત વહીવટી માળખું ચાલુ રાખ્યું. સમયાંતરે તેમાં ઘટતાં પરિવર્તનો કર્યાં અને તેમાંથી કંપની વહીવટનું હિન્દવ્યાપી માળખું અસ્તિત્વમાં આવ્યું. વહીવટી વિકાસની આ પ્રક્રિયા પર બ્રિટનમાં તે સમયે પ્રચલિત વિવિધ રાજકીય અને શાસન સંબંધી વિચારસરણીઓની અસર પડી હતી. તે સાથે સ્થાનિક રાજકારણમાં પ્રભાવ ધરાવતા વિવિધ વર્ગોનાં હિતોએ પણ તેમાં નિર્ણાયક ભાગ ભજવ્યો હતો. તેથી આ એકમના પ્રારંભમાં આપણે કઈ વિચારધારાઓ અને હિતો હિંદમાં બ્રિટિશ વહીવટી વિકાસની પાછળ કાર્ય કરી રહ્યાં હતાં તે તપાસીશું. તે પછી આ વિચારો અને હિતોના સંદર્ભમાં કેવા પ્રકારની વહીવટી વ્યવસ્થા હિંદમાં વિકસી તેનો પરિચય મેળવીશું. તે સાથે આ વહીવટી વ્યવસ્થાની ઉપલબ્ધિઓ અને મર્યાદાઓ તપાસી તેનું મૂલ્યાંકન કરીશું.

## 24.1 પાર્શ્વભૂમિકા : (Background)

હિંદમાં કંપનીને હસ્તક વિશાળ પ્રદેશો એક વ્યાપક અને સંકલિત વહીવટી વ્યવસ્થા દ્વારા નિયંત્રિત હતા. આ વહીવટી વ્યવસ્થા અનેક પેટા વ્યવસ્થાઓમાં વહેંચાયેલી હતી, જે નિશ્ચિત કાયદાને આધીન હતી. વહીવટી વ્યવસ્થાના મૂળાધારો સમજવા માટે તેની પાર્શ્વભૂમિમાં રહેલી વિચારધારાઓ અને નિશ્ચિત હિતોને આ મુદ્દામાં આપણે તપાસીશું.

### 24.1.1 વહીવટ અંગે બ્રિટિશ વિચારો : (British Thinking about the Administration)

બ્રિટિશ અમલ દરમિયાન ભારતમાં વિકસેલી વહીવટી વ્યવસ્થા ન તો રાતોરાત ઊભી થઈ હતી કે ન તો તેનું શૂન્યમાંથી સર્જન થયું હતું. વાસ્તવમાં આઠ દાયકાની એક સળંગ પ્રક્રિયાનું તે પરિણામ હતું અને તેની પાછળ ઘણાં વિચારો અને હિતોનો દોરીસંચાર હતો. બ્રિટિશ વિચારકો અને વહીવટકારોની કામગીરીની તે ફલશ્રુતિ હતી. આ માટે અઢારમી સદીના ઉત્તરાર્ધ અને ઓગણીસમી

સદીના બ્રિટનના બૌદ્ધિક જગતના મુખ્ય પ્રવાહોને સમજવાની જરૂર છે, કારણ કે હિંદ અને તેના પ્રશ્નો આ સમયના બ્રિટિશ બુદ્ધિજીવીઓના ચિંતન તથા વિચારોમાં કેન્દ્રસ્થાને રહ્યાં હતાં.

કંપનીના વહીવટીતંત્ર પર પ્રારંભિક સમયે સુધારાવાદી વિચારસરણીની અસર પડેલી જોવા મળે છે. હિંદમાં બ્રિટિશ વહીવટીતંત્રનો પાયો નાખનાર ગવર્નર જનરલ લૉર્ડ કોર્નવૉલિસ સુધારાવાદી વિચારધારાથી પ્રભાવિત હતો. તેના ખ્યાલ પ્રમાણે હિન્દ રાજકીય, વહીવટી અને સામાજિક દૃષ્ટિએ પછાત રાજ્ય હતું. તેથી ત્યાં સુધારા તથા પ્રગતિના કાર્યને પ્રાથમિકતા આપવી જરૂરી હતી. તે બ્રિટિશ કુલીનવર્ગમાંથી આવતો હતો. તેથી તે એવું મંતવ્ય ધરાવતો હતો કે બ્રિટનની જેમ હિન્દમાં પણ જો જમીન સાથે સંકળાયેલો એક ભારતીય કુલીનવર્ગ ઊભો કરવામાં આવે તો આ વર્ગ સમાજના ટ્રસ્ટી તરીકે હિંદના વિકાસમાં અગ્રેસર ભાગ ભજવશે. વહીવટી તથા ન્યાયકીય સત્તાઓની અલગતાના સિદ્ધાંત પર આધારિત બ્રિટિશ પદ્ધતિના કાયદા અને વહીવટી સંસ્થાઓના સહકારથી આ વર્ગ હિંદમાં વ્યાપાર તથા ઔદ્યોગિક ઉત્પાદનના વિકાસમાં સહાયરૂપ બનશે તેવી તેની માન્યતા હતી. આ વિચારથી પ્રેરાઈને તેણે બંગાળમાં કાયમી જમાબંધીની યોજના દાખલ કરી હતી.

ઓગણીસમી સદીના આરંભકાળના બ્રિટિશ વહીવટકર્તાઓ ઉપયોગિતાવાદની વિચારધારાથી પ્રભાવિત હતા. જેરેમી બેન્થામ એ વિચારધારાનો પ્રવર્તક હતો, જ્યારે જેમ્સ મિલ, જહૉન સ્ટુઅર્ટ મિલ, ડેવીડ રિકાર્ડો વગેરે તેના સમર્થકો હતા. આ સમયગાળા દરમિયાન ભારતમાં કંપનીના સામ્રાજ્યનો ઝડપથી અને વ્યાપક રીતે વિસ્તાર થયો હતો. કંપનીના સામ્રાજ્યની બ્રિટનના જાહેર જીવન પર ભારે અસર પડી હતી. આ કારણે આ સમયના બ્રિટિશ વિચારકો ભારતીય બાબતોમાં ઊંડો રસ લઈ તે અંગે પોતાના વિચારો રજૂ કરતા. તેમના વિચારોની અસર બ્રિટિશ સરકારની હિન્દની વહીવટી નીતિ પર પડતી. તેને આધારે ભારતમાં બ્રિટિશ વહીવટી તથા ન્યાયવિષયક સંસ્થાઓનો વિકાસ થયો હતો. આ વિચારધારામાં તે સમયના બ્રિટિશ રાજકારણમાં ભારે વગ ધરાવતા વ્યાપારીઓ, ઉદ્યોગપતિઓ અને ધર્મપ્રચારકોનાં વિચારો અને હિતોનું યોગ્ય રીતે સંકલન થયેલું હતું, તેથી તેને વ્યાપક આવકાર અને સમર્થન પણ પ્રાપ્ત થયેલાં હતાં. ત્રીસી અને ચાલીસીના દાયકા દરમિયાન બ્રિટિશ નીતિ પર વ્યવહારવાદ અને બ્રિટિશ ચર્ચની ધાર્મિક વિચારસરણીની સંયુક્ત અસર હતી. આ વિચારધારાની અસર નીચે લૉર્ડ મેકોલેએ ભારતની કાયદાકીય વ્યવસ્થાનો પાયો નાખ્યો હતો. આમ 'ઉપયોગિતાવાદ' એ હિંદમાં આ સમયની બ્રિટિશ વહીવટી નીતિની પાછળ સૌથી મહત્ત્વનું પ્રેરકબળ રહ્યું હતું. ઉપયોગિતાવાદના સમર્થક એવા ભારતીય વહીવટકર્તાઓની દૃષ્ટિમાં ભારતની સ્થિતિ અંગે કેવા વિચારો પ્રવર્તતા હતા તથા તેમની દૃષ્ટિએ હિન્દની સમસ્યાઓ તથા તે અંગેના ઉપાયો કયા હતા તે સમજવાથી તેમણે હિંદમાં સ્થાપેલી વહીવટી વ્યવસ્થાનો વધુ સ્પષ્ટ ખ્યાલ આવી શકશે. ભારતીય સમાજ અંગેના તેમના મુખ્ય ખ્યાલ નીચે મુજબ હતા :

- હિંદનો સમાજ આધુનિક સમાજની રચના માટે આવશ્યક એવા વ્યક્તિવાદ અને બુદ્ધિવાદ જેવાં મૂલ્યોથી સંપૂર્ણ રીતે વંચિત છે.
- ભારત જેવા પરંપરાગત અને પતનોન્મુખ સમાજના ઉદ્ધાર માટે ચોક્કસ કાયદાકીય વ્યવસ્થાની જરૂર છે. તેના દ્વારા આવા સમાજમાં પ્રચલિત 'કુદરતી ન્યાય'ની સ્થિતિને બદલે 'માનવીય ન્યાય'ની સ્થિતિ પ્રસ્થાપિત કરી શકાય. કાયદા સમક્ષની એકતા, સમરૂપતા અને ન્યાયના સિદ્ધાંતો પર આધારિત બ્રિટિશતંત્ર ભારતીય સમાજને એક પ્રગતિશીલ તથા ચેતનવંત સમાજમાં પરિવર્તિત કરી શકશે.
- મિલ જેવા વિચારકો આવા સમાજમાં શિક્ષણની ભૂમિકા અંગે બહુ આશાવાદી ન હતા. તે જ રીતે તેઓ તંત્રમાં ભારતીયોની સામેલગીરીની પણ તરફદારી કરતા ન હતા. તેમની દૃષ્ટિએ હિન્દીઓનું ચરિત્ર તેમને પોતાના આધુનિકીકરણની જવાબદારી સોંપવાને લાયક ન હતું. આ કારણે મિલ હિન્દીઓને કોઈ સત્તા કે જવાબદારી સોંપવાના વિચારનો વિરોધી હતો. તે અને તેના જેવા ઉપયોગિતાવાદી વિચારકો સંપૂર્ણ રીતે બ્રિટિશરો દ્વારા સંચાલિત એવા આધુનિક વહીવટીતંત્રના હિમાયતી હતા.

ટૂંકમાં, ઓગણીસમી સદીના પ્રારંભથી જ હિંદ અંગેની માહિતી અને સજાગતા બ્રિટનમાં વધતી ગઈ. તેની સાથે વિચારકો, વહીવટકર્તાઓ અને વિદ્વાનોમાં હિન્દના પ્રશ્નો અને તેના ઉપાયો માટે ચર્ચા-વિચારણા શરૂ થઈ ગઈ હતી. આ બધામાં ઉપયોગિતાવાદના સમર્થકોનો પ્રભાવ સૌથી વિશેષ હતો. તેમની પાસે એક સંકલિત અને સ્પષ્ટ વિચારસરણી હતી તથા અનુયાયીઓનો એક બહોળો વર્ગ હતો.

ભારતની સ્થિતિ અંગે તેઓ પૂરતા વાકેફ હતા. તે સંદર્ભે તેમણે ભારતમાં મહેસૂલી વ્યવસ્થા, સરકારના સ્વરૂપ, ન્યાયવ્યવસ્થા વગેરે બાબતે ચોક્કસ યોજનાઓ રજૂ કરી હતી. આ કારણે બ્રિટિશ સરકારની હિન્દ પ્રત્યેની નીતિ પર તેઓ સારો એવો પ્રભાવ પાડી શક્યા હતા. ઈ.સ. 1819માં જેમ્સ મિલને ઇસ્ટ ઇન્ડિયા કંપનીની કારોબારીમાં સમાવવામાં આવ્યો. આ કારણે ભારતીય વ્યવસ્થામાં પોતાના વિચારોનો અમલ કરવાની ઉપયોગિતાવાદીઓને યોગ્ય તક પ્રાપ્ત થઈ. તેમણે હિન્દની સમસ્યાઓ અને તેના ઉદય માટે પોતાની યોજના તૈયાર કરી. તેમની દૃષ્ટિએ હિન્દની પ્રમુખ સમસ્યાઓ નીચે મુજબ હતી :

- ભારતીય સમાજ પછાત, પતનોન્મુખ, પ્રત્યાઘાતી અને આપખુદ હતો. અહીં અલ્પસંખ્યકો દ્વારા વિશાળ બહુમતિનું શોષણ થતું હતું. વ્યક્તિ તથા તેના અધિકારોની કોઈ સુરક્ષા ન હતી.
- આ કારણે સમાજમાં ગરીબી તથા ગુનાખોરીનું પ્રમાણ ઘણું વ્યાપક હતું.
- તેના ફલસ્વરૂપે અજ્ઞાનતા, અંધશ્રદ્ધા તથા માનસિક ગુલામી એ ભારતીય સમાજની સ્વાભાવિક લાક્ષણિકતા બની ગઈ હતી.

આ સમસ્યાઓના ઉકેલ અર્થે તેમણે સૂચવેલા ઉપાયો નીચે પ્રમાણે હતા :

- હિંદમાં પ્રગતિશીલ કાયદા અને કાર્યક્ષમતંત્ર ધરાવતી સરકારની રચના દ્વારા આ સમાજનો વિકાસ કરવો.
- આ પ્રકારની વ્યવસ્થા આપખુદ રિવાજો અને સામુદાયિક બંધનોમાંથી વ્યક્તિને મુક્ત કરશે અને તે રીતે પછાત સ્થિતિમાંથી આધુનિકતા તરફનો માર્ગ મોકળો થશે.
- આ સ્થિતિને કારણે મૂડી તથા શ્રમને વિકાસ માટેની મુક્ત તકો મળશે. વ્યક્તિગત અધિકારો તથા ખાનગી માલિકીના ખ્યાલનું મહત્ત્વ સ્વીકારાશે, જે સામાજિક વિકાસ માટે પ્રોત્સાહક વાતાવરણ ઊભું કરશે.
- આ માટે મિલકતના અધિકારના પાયારૂપ જમીનની માલિકી અંગે સ્પષ્ટ વ્યાખ્યા કરી તેને કાયદાકીય સુરક્ષા આપવી જોઈએ.

ટૂંકમાં, ઉપયોગિતાવાદીઓ કાયદાના શાસનની હિમાયત કરતા હતા. કાયદાની તર્કબદ્ધ વ્યાખ્યા કરી તેનો લેખિત સંગ્રહ તૈયાર કરવો જોઈએ તેમ તેઓ માનતા હતા. કાયદાના અમલ માટે વિવિધ સ્તરે ન્યાયની અદાલતોની રચના કરી દરેક વ્યક્તિને તેનો લાભ મળે તેવો મત ધરાવતા હતા. આ રીતની વ્યવસ્થા દ્વારા તેઓ વ્યક્તિવાદી સ્પર્ધાત્મક સમાજની રચના કરી હિન્દના સમાજની પ્રગતિ અને આધુનિકીકરણનું સમર્થન કરતા હતા.

## 24.1.2 બ્રિટિશ હિતો : (British Interests)

ઉપરના મુદ્દામાં આપણે ભારતમાં વહીવટી તથા સામાજિક ક્ષેત્રે બ્રિટિશ સત્તાની ભૂમિકા અંગે તે સમયના બ્રિટિશ રાજપુરુષોમાં પ્રચલિત વિચારોનો અભ્યાસ કર્યો. પરંતુ તે સાથે આ ભૂમિકાને ઘડનારાં ભૌતિક હિતોને પણ ધ્યાનમાં લેવાં જરૂરી છે. બ્રિટનના જાહેર જીવનમાં વિવિધ સામાજિક તથા આર્થિક વર્ગોનો પ્રભાવ હતો અને તેઓ હિન્દમાં પોતાનાં દુન્યવી હિતોને અનુકૂળ આવે તેવી વ્યવસ્થાનું સમર્થન કરતા હતા. ઘરઆંગણે આવાં હિતજૂથોનું અવારનવાર જોડાણ તથા પુનર્જોડાણ થતું રહેતું અને તેની અસર હિંદ પ્રત્યેની નીતિ પર પણ પડતી. એકંદરે સામ્રાજ્યવાદી વ્યવસ્થા તેમનાં હિતોને અનુકૂળ હોવાથી તેઓ હિંદમાં વહીવટી એકતા અને સમાનતાના આગ્રહી હતા. છતાં આવાં જૂથો વચ્ચેની સ્પર્ધા અને જોડાણો સામ્રાજ્યવાદના આંતરિક સ્વરૂપમાં અવારનવાર નવાં પરિવર્તનોને જન્મ આપતાં હતાં. 1813 સુધીના પ્રારંભિક તબક્કા દરમિયાન બ્રિટનનાં મુખ્ય ભૌતિક હિતો નીચે પ્રમાણે હતાં.

- ઇસ્ટ ઇન્ડિયા કંપની ભારત સાથેના વેપારનો ઇજારો પોતાને હસ્તક રાખી અન્ય કંપનીઓને સ્પર્ધામાંથી દૂર રાખવા ઇચ્છતી હતી.
- કંપની વિવિધ કરવેરા દ્વારા હિંદમાં પોતાની આવકમાં સતત વૃદ્ધિ કરવા તથા નાણાતંત્ર પર પોતાનો અંકુશ જાળવી રાખવા ઉત્સુક હતી.

આ બંને પ્રકારનાં હિતોને કંપની ભારતમાં પ્રચલિત વહીવટી વ્યવસ્થા અને સંસ્થાઓમાં કોઈ ખાસ પરિવર્તન કર્યા વગર જાળવી શકે તેમ હતી. ભારતના મધ્યયુગીન શાસકોની જેમ કંપની પણ ખેતી-ક્ષેત્રેથી પ્રાપ્ત થતી મહેસૂલી આવકમાં વધારો કરવા ઇચ્છતી હતી. આથી તેણે પરંપરાગત મહેસૂલી

વ્યવસ્થામાં કોઈ મૂળભૂત પરિવર્તનો કર્યા વિના પ્રચલિત વ્યવસ્થા દ્વારા જ વધુ આવક મેળવવા પ્રયાસો ચાલુ રાખ્યા. આવું જ વલણ ન્યાયવ્યવસ્થાની બાબતમાં પણ અપનાવવામાં આવ્યું હતું. માત્ર ટોચને સ્તરે થોડા જરૂરી ફેરફારો કરી મૂળ વ્યવસ્થાને ચાલુ રાખવામાં આવી હતી. પરિણામે આ ક્ષેત્રે પ્રાદેશિક વિવિધતાઓ ચાલુ રહેવા પામી હતી.

૧૮૧૩ પછી આ સ્થિતિમાં ફેરફાર થયો. ઔદ્યોગિક ક્રાન્તિને કારણે બ્રિટનના અર્થતંત્ર અને સમાજ-વ્યવસ્થામાં મોટું પરિવર્તન આવ્યું હતું. વ્યાપારી પેઢીઓનું સ્થાન હવે નવોદિત ઔદ્યોગિક મૂડીવાદી વર્ગે લીધું હતું. બ્રિટનના જાહેર જીવનમાં તેનો પ્રભાવ વધતો જતો હતો. પરિણામે હિન્દના બ્રિટિશ શાસકોએ હવે આ નવાં મૂડીવાદી હિતોને અનુકૂળ વ્યવસ્થા ઊભી કરવાનો પ્રયાસ કર્યો. નવાં હિતો નીચે મુજબ હતાં :

- તેઓ પોતાનાં ઔદ્યોગિક ઉત્પાદનનાં વેચાણ હિન્દમાં બજારોનું વિસ્તરણ કરવા ઇચ્છતા હતા.
- ઉદ્યોગોના વિકાસ માટે જરૂરી કાચો માલ પૂરો પાડનાર દેશ તરીકે ભારતની કુદરતી સંપત્તિનો ઉપયોગ કરવા તેઓ ઉત્સુક હતા.

આ જરૂરિયાતોની પરિપૂર્તિ અર્થે તેમણે ભારતના અર્થતંત્ર તથા સમાજવ્યવસ્થા પર પોતાની વગ વિસ્તારવાની જરૂર હતી. આ ઉપરાંત હિંદના ઇંગ્લૅન્ડ તથા અન્ય દેશો સાથેના વ્યાપાર પર પણ પોતાનો અંકુશ સ્થાપવા તેઓ ઇચ્છતા હતા. તેમને પોતાનાં ભૌતિક હિતોના વિકાસની યોજનામાં ભારતની ભૂમિકા બદલવાની જરૂર જણાઈ. તે માટે હિંદમાં આધુનિક વ્યાપારી વ્યવસ્થા ઊભી કરવા, નવી બજાર આધારિત આર્થિક વ્યવસ્થાનું સર્જન કરવા, મુક્ત વ્યાપારી સંબંધોને ઉત્તેજન આપવા તથા આર્થિક વ્યવહારોનું સરળતાથી સંચાલન કરવાના પ્રયાસો શરૂ થયા. આ માટે પ્રચલિત કાયદા, ન્યાયતંત્ર અને વહીવટી સંસ્થાઓમાં મૂળભૂત પરિવર્તન લાવવાની કામગીરી શરૂ થઈ. આ અંગેનો અભ્યાસ આપણે હવે પછીના મુદ્દાઓમાં કરીશું.

**'તમારી પ્રગતિ ચકાસો'-1**

(પ્રત્યેક પ્રશ્નનો જવાબ 60 શબ્દોમાં આપો)

1. હિંદમાં કંપનીના વહીવટ અંગે લૉર્ડ કોર્નવૉલિસ કેવા વિચારો ધરાવતો હતો ?

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

2. ઉપયોગિતાવાદીઓની દૃષ્ટિએ ભારતીય સમાજની સમસ્યાઓ અને તેનો ઉપાયો કયા હતા ?

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

3. ઓગણીસમી સદી દરમિયાન હિંદની વહીવટી નીતિ કેવાં ભૌતિક હિતોથી પ્રભાવિત હતી ?
..........................................................................................................................
..........................................................................................................................
..........................................................................................................................
..........................................................................................................................
..........................................................................................................................
..........................................................................................................................
..........................................................................................................................
..........................................................................................................................
..........................................................................................................................
..........................................................................................................................

## 24.2 સંસ્થાકીય માળખું : (Institutional Freamework)

અગાઉના મુદ્દામાં આપણે ભારતમાં બ્રિટિશ વહીવટીતંત્રના વિકાસની પાછળ કામ કરતી વિચારધારા અને વર્ગીય હિતોનો પરિચય મેળવ્યો. હવે આ પરિબળોના પ્રભાવ નીચે હિન્દમાં કેવા પ્રકારનું સંસ્થાકીય માળખું વિકાસ પામ્યું તેની ચર્ચા કરીશું.

### 24.2.1 વહીવટ અંગે બ્રિટિશ વિચારો : (Growth of the Judicial System)

હિંદમાં બ્રિટિશ વહીવટીતંત્રનો વ્યવસ્થિત વિકાસ 1793 પછી લૉર્ડ કોર્નવૉલિસના સમયમાં થયો અને અઢારમી સદીના અંત સુધી થોડાઘણા અવરોધો વચ્ચે સતત ચાલુ રહ્યો. કોર્નવૉલિસે ન્યાયતંત્રસહિત સમગ્ર વહીવટી વ્યવસ્થામાં મોટા પાયે ફેરફારો કર્યા. તેણે વહીવટી કામગીરીને ન્યાયકીય કામગીરીથી અલગ પાડવા પર ખાસ ભાર મૂક્યો. તે સાથે તેણે ન્યાયની અદાલતોના વિસ્તૃતિકરણની યોજના પણ અમલમાં મૂકી હતી.

કારોબારી અથવા વહીવટી સત્તાને ન્યાયવિષયક સત્તાથી અલગ કરવા માટે કોર્નવૉલિસે કલેક્ટરની સત્તા પર કાપ મૂક્યો. અત્યાર સુધી જિલ્લા સ્તરે મહેસૂલી, વહીવટી તથા ન્યાયકીય સત્તાઓ કલેક્ટરના હાથમાં કેન્દ્રિત થયેલી હતી. કોર્નવૉલિસે તેમના હાથમાંથી ન્યાયને લગતી સત્તાઓ લઈ લીધી અને તેમની કામગીરી માત્ર મહેસૂલ અને સામાન્ય વહીવટ પૂરતી મર્યાદિત બનાવી, જ્યારે દીવાની અને ફોજદારી ન્યાય માટે મૅજિસ્ટ્રેટના નવા હોદ્દાની રચના કરી. આ રીતે અલગ ન્યાયતંત્રનો પ્રારંભ થયો.

ઉપર દર્શાવેલ અદાલતી માળખાનો પ્રથમ પ્રયોગ બંગાળ પ્રાન્તમાં કરવામાં આવ્યો હતો. બંગાળ એ બ્રિટિશ શાસકો માટે તમામ વહીવટી પગલાં માટેની પ્રયોગશાળા સમાન હતું. ત્યાંના અનુભવોને આધારે આવા પ્રયોગોને અન્ય બ્રિટિશ પ્રાન્તોમાં વિસ્તારવામાં આવતા હતા. સમગ્ર ન્યાયતંત્રનો અંકુશ યુરોપિયનોના હાથમાં હતો. મુનસીફ તથા અમીન જેવા હિંદી ન્યાયાધીશોની મદદનીશ તરીકે સેવાઓ લેવાતી હિન્દુ તથા મુસ્લિમ કાયદાઓના સંદર્ભે સલાહ લેવાની જરૂર જણાતી, ત્યારે પંડિતો તથા કાઝીની સેવાઓ લેવામાં આવતી.

સમગ્ર ન્યાયવ્યવસ્થામાં પરંપરાગત કાયદો અને સામાજિક-ધાર્મિક રિવાજો પ્રત્યે પૂરતી સહિષ્ણુતા દાખવવામાં આવી હતી. અગાઉના મુસ્લિમ શાસકોના સમયમાં પ્રચલિત ફોજદારી કાયદાને સંપૂર્ણ રીતે નાબૂદ કરવાને બદલે તેનાં અમાનવીય પાસાંઓને દૂર કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, દીવાની અદાલતોએ પણ સ્થાનિક પ્રજામાં પ્રચલિત પરંપરાઓનો આદર કરવાનું વલણ અખત્યાર કર્યું હતું. આ તબક્કે ઇસ્ટ ઇન્ડિયા કંપની પ્રચલિત વ્યવસ્થામાં કોઈ આમૂલ પરિવર્તન કરવા ઉત્સુક ન હતી. માત્ર જરૂર પ્રમાણે અંશતઃ ફેરફારોને યોગ્ય ગણવામાં આવ્યા હતા. ન્યાય તથા મહેસૂલની પ્રચલિત વ્યવસ્થાને સંપૂર્ણ રીતે બરખાસ્ત કરવામાં આવી ન હતી.

નવી ન્યાયવ્યવસ્થાનું બીજું નોંધપાત્ર લક્ષણ એ હતું કે જૂના પ્રચલિત કાયદાઓ તથા નવા ઘડાયેલા કાયદાઓને લેખિત સ્વરૂપ આપીને એક સંકલિત કાયદાસંહિતા તૈયાર કરવામાં આવી હતી.

આ વ્યવસ્થા ઓગણીસમી સદીના બ્રિટનની પ્રજાની લેખિત કાયદા-સંગ્રહ માટેની અપેક્ષાઓને અનુરૂપ હતી. આ વિચારધારાના પુરસ્કર્તાઓની દષ્ટિએ આ નવી વ્યવસ્થા ત્રણ મુખ્ય સમસ્યાઓનો ઉકેલ લાવી શકે તેમ હતી :

(1) સત્તાધારી વ્યક્તિઓના હાથમાં કેન્દ્રિત થયેલી અબાધિત સત્તાઓ અને તેના વ્યાપક દૂરઉપયોગ પર આ વ્યવસ્થા દ્વારા અંકુશ મૂકી શકાતો હતો.

(2) વ્યક્તિના અધિકારોની અસ્પષ્ટતા દૂર કરી શકાતી હતી.

(3) અત્યાર સુધી જે કાયદાઓ અલિખિત સ્વરૂપે પ્રચલિત હતા તેમને લેખિત સ્વરૂપ આપી શકાયું હતું.

કાયદાના શાસનનો અર્થ એ હતો કે હવે શાસન નિશ્ચિત કાયદા અને નિયમોને આધીન હતું. તેમાં પ્રજાના અધિકારો અને ફરજોની નિશ્ચિતપણે સ્પષ્ટતા કરવામાં આવી હતી. શાસકોની સ્વેચ્છાચારિતાને કોઈ સ્થાન ન હતું. સિદ્ધાંતમાં હવે કોઈ વ્યક્તિ કાયદાથી પર ન હતી. કાયદો ઘડનારા તથા તેનો અમલ કરનારાઓ પણ કાયદાને આધીન હતા. તેના ભંગ બદલ તેમની સામે કામ ચલાવી શકાતું. એક વખત કાયદો ઘડાયા પછી તે શાસકોને બંધનકર્તા હતો. અલબત્ત, કાયદા એવી રીતે ઘડાતા કે તેનું શાસકો ધારે તે રીતે અર્થઘટન કરી પોતાનું ધાર્યું કરી શકે તેમ હતા. કાયદાની ઓથે તેઓ પ્રજાનું શોષણ અને અત્યાચાર કરી શકતા હતા. સરકારી અમલદારો પાસે એટલી વ્યાપક સત્તાઓ હતી કે જેનો દૂરઉપયોગ કરી કાયદાની મર્યાદામાં રહી તેઓ પ્રજા વિરુદ્ધ ઘણાં દુષ્કૃત્યો આચરી શકતા. વળી, સિદ્ધાંતમાં કાયદાનું શાસન હોવા છતાં પોલીસ, લશ્કર વગેરેને એવી વિશિષ્ટ સત્તાઓ હતી કે જે આ પ્રકારના કાયદાઓથી પર હતી. વાસ્તવમાં તો એવી સ્થિતિનું નિર્માણ થયું હતું કે 'કાયદાના શાસન'ને નામે કાયદો પોતે જ પ્રજાના શોષણ અને અત્યાચારનું સાધન બની ગયો હતો.

કાયદા સમક્ષની સમાનતાનો અર્થ એ હતો કે દેશના તમામ નાગરિકો ધર્મ, જ્ઞાતિ, જાતિ, ભાષા કે રંગના ભેદભાવ વિના કાયદા સમક્ષ એક સમાન સ્થિતિએ મુકાયા હતા. અલબત્ત, તેમાં યુરોપિયનોનો સમાવેશ થતો ન હતો. તેમને માટે અલગ કાયદા અને અદાલતોની રચના કરવામાં આવી હતી. ખાસ કરીને ફોજદારી ખટલાઓમાં તેમના પર માત્ર યુરોપિયન ન્યાયાધીશો દ્વારા જ કામ ચલાવી શકાતું. વાસ્તવમાં કાયદા સમક્ષની સમાનતાનો સંપૂર્ણ અમલ શક્ય જ ન હતો. આમ છતાં આ વ્યવસ્થાને પરિણામે ભારતીયો વચ્ચે એક પ્રકારની સમાનતા અને એકતા માટેની ભૂમિકા ઊભી કરી શકાઈ.

આ કહેવાતી આદર્શ ન્યાયવ્યવસ્થાઓ વ્યવહારમાં હિંદી પ્રજા પર ભારે આર્થિક બોજ વધાર્યો હતો તથા વહીવટી મુશ્કેલીઓનો વધારો કર્યો હતો. ન્યાય હવે ઘણો ખર્ચાળ બન્યો હતો. તે હિંદની ગરીબ આમજનતાની પહોંચ બહાર હતો. અદાલતોમાં વસૂલ કરાતી સ્ટેમ્પ ફીના દર ખૂબ ઊંચા હતા. રૂ. 5,000ની મિલકતના દાવા માટે રૂ. 10,000 જેટલી સ્ટેમ્પ ફી ચૂકવવી પડતી. વળી, નવા કાયદાઓ ઘણા ગૂંચવાડાભર્યા હતા. તે માટે વકીલોની મદદ લેવી પડતી. આ કારણે આર્થિક બોજામાં વધારો થતો. ન્યાય માટે પ્રજાને જિલ્લા કે પ્રાન્તીય અદાલતો સુધી જવું પડતું. પરિણામે તેમના ખર્ચ અને હાડમારીઓમાં વધારો થતો. ન્યાયની કામગીરી ઘણી લાંબી ચાલતી. કેટલાક ખટલાઓ વર્ષો સુધી લંબાતા. ઉદાહરણ તરીકે, મદ્રાસની કોર્ટમાં જમીનદારીને લગતો એક ખટલો 1832માં દાખલ કરાયો હતો, જેનો નિકાલ 14 વર્ષ પછી 1896માં આવ્યો હતો.

આમ છતાં બ્રિટિશ સરકારે દાખલ કરેલી ન્યાયવ્યવસ્થાનું મુખ્ય જમા પાસું એ હતું કે તેણે હિંદની એકતાની પ્રક્રિયાને ઉત્તેજન આપ્યું હતું. ઓછામાં ઓછી કાયદા અને ન્યાયની બાબતે હવે ભારતની એક સંપૂર્ણ એકમ તરીકે કલ્પના કરવી શક્ય હતી. બ્રિટિશ શાસકોએ ભારત પર અધિકાર જમાવવા માટે કાયદાનો એક સાધન તરીકે ઉપયોગ કર્યો. પરંતુ પાછળથી વીસમી સદી દરમિયાન આ જ કાયદાનો ઉપયોગ રાષ્ટ્રીય નેતાઓએ પ્રજાના નાગરિક તરીકેના અધિકારોની સુરક્ષા અર્થે અને સરકારની સત્તાને કાયદાની મર્યાદામાં મૂકવા માટે કર્યો.

## 24.2.2 વહીવટી વ્યવસ્થા : (Administrive System)

ભારતમાં બ્રિટિશ વહીવટીતંત્રનો મુખ્ય આશય કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરવાનો તથા હિંદમાં બ્રિટિશ સત્તાને ટકાવી રાખવાનો હતો. વહીવટી કામગીરીનું યોગ્ય રીતે સંચાલન કરવા માટે લેખિત કાયદાઓનું એક સંકલન કરી તેને અનુરૂપ વહીવટી માળખું ઊભું કરી દેવામાં આવ્યું હતું. ભારતમાં બ્રિટિશ શાસનના મુખ્ય ત્રણ આધારસ્તંભો હતા : (1) સનદી સેવા, (2) લશ્કર અને (3) પોલીસ. આપણે આ ત્રણે સંસ્થાઓની રચના તથા કામગીરી અંગે વિગતે ચર્ચા કરીશું.

## (1) સનદી સેવા (The Civil Service)

સનદી સેવાનું મુખ્ય કાર્ય મહેસૂલ તથા અન્ય કરવેરાની ઉઘરાણી કરવાનું તથા કાયદાનું અર્થઘટન કરી તેનો અમલ કરવાનું હતું. ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ 'સનદી સેવા' શબ્દનો પ્રયોગ વહીવટી સેવાના કર્મચારીઓને લશ્કરી અને ધાર્મિક સ્વરૂપની સેવાઓના કર્મચારીઓથી અલગ પાડવા માટે કર્યો હતો. અલબત્ત, આ પ્રકારના કર્મચારીઓની કામગીરી શરૂઆતમાં વેપાર પૂરતી સીમિત હતી. પરંતુ કાલક્રમે કંપનીનું વ્યાપારી પેઢીમાંથી જેમજેમ રાજસત્તામાં પરિવર્તન થતું ગયું તેમતેમ આ કર્મચારીઓની કામગીરી પણ વ્યાપારમાંથી વહીવટી ક્ષેત્ર તરફ વિસ્તરતી ગઈ.

સનદી સેવાને પ્રારંભકાળથી જ નિશ્ચિત કોટિક્રમમાં ગોઠવી હતી. તેમાં છેક નીચેથી એપ્રેન્ટીસ, રાઇટર, ફેક્ટર, જુનિયર મર્ચંટ અને છેલ્લે સિનિયર મર્ચંટ એ રીતે ચડતા ક્રમમાં કર્મચારીઓ નિયુક્ત થતા હતા. ગવર્નરસહિત ઉચ્ચ પદો માટેના અધિકારીઓની પસંદગી આ સિનિયર મર્ચંટોમાંથી કરવામાં આવતી. આ પ્રકારની ક્રમ-વ્યવસ્થા (ગ્રેડિંગ સિસ્ટમ) 1839 સુધી ચાલુ રહી. આ કર્મચારીઓની નિયુક્તિ એ કંપનીના સંચાલકમંડળનો સર્વાધિકાર હતો. આ પ્રકારની નિયુક્તિ વ્યવસ્થા વ્યાપક ભ્રષ્ટાચાર, લાંચરુશવત અને ખાનગી વ્યાપારની બદીઓથી ભરપૂર હતી. તેના મૂળમાં સંચાલકમંડળના પેટ્રોનેજના અધિકારો રહેલા હતા. આ અધિકાર હેઠળ સંચાલકો કંપનીના કર્મચારીઓની નિયુક્તિ કરી શકતા-પરિણામે પોતાને લાગતાવળગતા કે લાંચ આપનાર વ્યક્તિઓનાં નામની તેઓ ભલામણ કરતા. તેમાંથી સોદાબાજી, સગાવાદ, વહીવટી ભ્રષ્ટાચાર વગેરેને ઉત્તેજન મળતું. આ પ્રથાને અંકુશમાં લેવા માટે લૉર્ડ કોર્નવૉલિસે કેટલાક પ્રયાસો કર્યા. તેણે કંપનીના કર્મચારીઓ દ્વારા ચાલતી ખાનગી વેપારની પ્રવૃત્તિ પર પ્રતિબંધ મૂક્યો. તેની સામે વળતરરૂપે તેમના પગારોમાં તેણે વધારો કર્યો. ઉદાહરણ તરીકે જિલ્લા કલેક્ટરનું માસિક વેતન રૂ. 1500 જેટલું નક્કી કરવામાં આવ્યું. ઉપરાંત જિલ્લામાંથી થયેલી મહેસૂલી વસૂલાત પર એક ટકા જેટલું કમિશન પણ તેને મળતું. આ તબક્કે કંપનીની વહીવટી સેવા કદાચ વિશ્વમાં સૌથી ઊંચા પગારો આપતી સેવા હતી.

આ સુધારાઓ પછી પણ વહીવટી સેવામાંથી ભ્રષ્ટાચાર અને બિનકાર્યક્ષમતાનાં દૂષણો નાબૂદ કરી શકાયાં નહિ. 1798માં ગવર્નર જનરલપદે નિયુક્ત થયેલા લૉર્ડ વેલેસ્લીએ આ સ્થિતિમાં સુધારો કરવા માટે કેટલાંક નોંધપાત્ર પગલાં ભર્યાં. તેણે કંપનીના સનદી અધિકારીઓની તાલીમ માટે વ્યવસ્થા કરી. તેણે વિચાર્યું કે કંપનીની નોકરી માટે પસંદ કરાયેલી વ્યક્તિઓને પ્રથમ ઇંગ્લૅન્ડમાં પાયાની તાલીમ આપવી જોઈએ અને તે પછી વધારાની તાલીમ માટે હિંદમાં યોગ્ય વ્યવસ્થા કરવી જોઈએ. આ આશયથી સન 1800ની 24મી નવેમ્બરે કલકત્તામાં ફોર્ટ વિલિયમ કૉલેજની સ્થાપના કરવામાં આવી. કંપનીના સનદી નોકરોને અહીં સાહિત્ય, વિજ્ઞાન, ભારતીય ભાષાઓ વગેરેને લગતું શિક્ષણ આપવામાં આવતું હતું. પાંચ વર્ષ પછી ઇંગ્લૅન્ડમાં હેલીબરી મુકામે ઇસ્ટ ઇન્ડિયા કૉલેજની સ્થાપના કરવામાં આવી. ત્યાં કંપનીની નોકરીમાં જોડાવા ઇચ્છતા પસંદ કરાયેલા ઉમેદવારોને બે વર્ષની તાલીમ આપવામાં આવતી. લગભગ અડધી સદી સુધી હિન્દના સનદી અધિકારીઓ હેલીબરીમાંથી તાલીમ લઈને આવતા હતા.

ભરતીની પ્રથામાં હજુ પણ સંચાલકો દ્વારા પેટ્રોનેજની જૂની પ્રથા થોડા ફેરફારો સાથે ચાલુ રહી. તેઓ પોતાના પુત્રો કે નજીકનાં સગાંઓની આવી સેવાઓ માટે પસંદગી કરી તાલીમ માટે હેલીબરી કૉલેજમાં દાખલ કરતા. પાછળથી તેમાં હરીફાઈનું તત્ત્વ ઉમેરવાના આશયથી 1833ના સનદી ધારા હેઠળ એવી વ્યવસ્થા કરવામાં આવી કે કંપનીના સંચાલકો જરૂરિયાત કરતાં ચાર ગણા ઉમેદવારોની પસંદગી કરે. તેમની સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવે અને તેમાં ઉત્તીર્ણ થનાર ઉમેદવારોમાંથી વાસ્તવિક જરૂરિયાત પ્રમાણે ચોથા ભાગના ઉમેદવારોની સનદી સેવામાં ભરતી કરવામાં આવે. અલબત્ત, આ પદ્ધતિમાં સ્પર્ધાનું તત્ત્વ ઘણું મર્યાદિત હતું. એકંદરે આ પદ્ધતિ સંપૂર્ણ સ્પર્ધાત્મક હોવાને બદલે સ્પર્ધા અને પસંદગીના મિશ્રરૂપે હતી તેમ કહી શકાય. ભરતીની આ પદ્ધતિનો દોર સંચાલકમંડળના હાથમાંથી લઈ કોઈ વધુ તટસ્થ વ્યવસ્થા ઊભી કરવા માટેની માંગણી ઇંગ્લૅન્ડમાં વધવા લાગી. તે માટે જાહેર સ્પર્ધાત્મક પરીક્ષા યોજવી જોઈએ તેવી હિમાયત કરવામાં આવી. 1853ના સનદી ધારા દ્વારા સરકારે સંચાલકોના હાથમાંથી નિયુક્તિની સત્તા લઈ લીધી અને જાહેર પરીક્ષાઓ શરૂ કરી. મેકોલેના અધ્યક્ષપણા નીચે એક સમિતિની રચના કરવામાં આવી, જેણે ઉમેદવારોની ઉંમર, લાયકાત અને પરીક્ષા માટેના વિષયો અંગે નિયમો ઘડી પોતાની ભલામણો બોર્ડ ઑફ કંટ્રોલ સમક્ષ રજૂ કરવાની હતી. 1858માં હેલીબરી કૉલેજ બંધ કરવામાં આવી. તેને સ્થાને એક 'સિવિલ સર્વિસ કમિશન' (સનદી સેવા પંચ)ની રચના કરવામાં આવી. આ પંચ જાહેર પરીક્ષાઓનું આયોજન કરતું હતું. આ પરીક્ષા દર વર્ષે ઇંગ્લૅન્ડમાં

લેવામાં આવતી. તેથી હિન્દીઓ માટે તેમાં બેસવું મુશ્કેલ હતું. આથી ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં આવી પરીક્ષાઓ હિન્દમાં લેવા માટેની માંગણી પ્રબળ બની હતી.

સનદી સેવામાં અધિકારીઓની નિયુક્તિ જિલ્લા કલેક્ટર અને તેથી ઉપરના હોદ્દા પર થતી. જિલ્લા સ્તરે કલેક્ટર મુખ્ય વહીવટી અધિકારી હતો. શરૂઆતમાં મહેસૂલી કામગીરી સંપૂર્ણ રીતે તેને હસ્તક હતી. તે જમીનની સરહદ તથા મહેસૂલને લગતા વિવાદો અંગે ચુકાદો આપવાની સત્તા ધરાવતો. તેની મદદમાં તહેસીલદાર તરીકે ઓળખાતો હિન્દી અધિકારી રહેતો. 1831ના સુધારા પછી મૅજિસ્ટ્રેટ અને મુખ્ય પોલીસ અધિકારીની સત્તા પણ તેને સોંપવામાં આવી. આ રીતે જિલ્લા સ્તરે તે સર્વોચ્ચ અધિકારી હતો. 1831 પછી મોટો વિસ્તાર ધરાવતા જિલ્લાઓમાં કલેક્ટર અને તહેસીલદારના વચ્ચેના ક્રમે ડેપ્યુટી અથવા નાયબ કલેક્ટરનો હોદ્દો ઊભો કરવામાં આવ્યો હતો. થોડા સમય પછી આ હોદ્દો બિનસનદી સેવામાં ફેરવી નાખવામાં આવ્યો. વહીવટી ક્ષેત્રે પૂરતો અનુભવ ધરાવતા હિન્દીઓની આ પદે નિયુક્તિ કરી શકાતી.

વખત જતાં ભારતીય સનદી સેવા વિશ્વની સૌથી કાર્યક્ષમ અને શક્તિશાળી સેવા તરીકે પ્રખ્યાત બની. તેના સભ્યોએ ભારતમાં બ્રિટિશ નીતિના ઘડતરમાં તથા શાસનના સંચાલનમાં નિર્ણાયક ભાગ ભજવ્યો. 1947માં સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી આ સનદી સેવા તેનાં મૂળભૂત તત્ત્વો સાથે નવા સ્વરૂપે ચાલુ રહી.

**(2) લશ્કર અને પોલીસ (The Army and the Police)**

લશ્કર અને પોલીસતંત્ર એ કંપનીશાસનના બીજા બે આધારસ્તંભો હતા. કંપનીના લશ્કરના મોટા ભાગના સૈનિકો હિન્દી હતા. 1857માં કંપનીના લશ્કરમાં કુલ સૈનિકોના 86 ટકા જેટલા હિંદી સૈનિકો હતા. લશ્કરમાં તમામ સૈનિકો બ્રિટિશ રાખવા આર્થિક રીતે પોષાય તેમ ન હતું. આથી નાની પાયરી પર મોટે ભાગે હિન્દીઓની ભરતી કરવામાં આવતી. વળી, કંપની ભારતમાં પોતાનો રાજ્યવિસ્તાર વધારવા ઉત્સુક હતી. તે માટે સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર સૈનિકો વધુ અનુકૂળ આવે તેમ હતા. આમ છતાં વહીવટની અન્ય શાખાઓની જેમ લશ્કરના ઉચ્ચ અધિકારપદે માત્ર અંગ્રેજોની નિયુક્તિ થતી. ભારતીય સૈનિક વધુમાં વધુ સૂબેદારના હોદ્દા સુધી પહોંચી શકતો.

ભારતીય પ્રદેશો અને શાસકો પર બ્રિટિશ સત્તાનો વિસ્તાર કરવામાં લશ્કરે મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. અલબત્ત ભારતમાં બ્રિટિશ સર્વોપરિતાની સ્થાપના પછી અને અન્ય વિદેશી પ્રતિસ્પર્ધી સત્તાઓનો ભય દૂર થયા પછી બ્રિટિશ લશ્કરની મુખ્ય જવાબદારી હિંદમાં બ્રિટિશ સત્તાને ટકાવી રાખવાની હતી. આ ઉપરાંત રશિયા અને ફ્રાન્સ સાથેનાં યુરોપીય યુદ્ધોમાં કે પડોશી દેશો સાથેની અથડામણોમાં આ લશ્કરનો ઉપયોગ થતો.

બ્રિટિશ શાસનનો ત્રીજો આધારસ્તંભ પોલીસતંત્ર હતું. તેની રચના લૉર્ડ કોર્નવૉલિસે કરી હતી. અત્યાર સુધી પોલીસની કામગીરી સ્થાનિક જમીનદારો તેમના હથિયારધારી સેવકોની મદદથી બજાવતા હતા. હવે તેમની પાસેથી આ સત્તા લઈ લેવામાં આવી. સમગ્ર પોલીસદળ કંપનીશાસનના અંકુશ નીચે મુકાયું. તેને જુદાજુદા વિભાગોમાં વહેંચી દેવામાં આવ્યું. સૌથી પાયાનું એકમ થાણું હતું. ત્યાં દારોગાના હાથ નીચે એક પોલીસની ટુકડી રહેતી. દારોગા પદે હિન્દીઓની નિયુક્તિ થતી. પોતાના વિસ્તારમાં કાયદો તથા વ્યવસ્થાની જાળવણીની જવાબદારી તેની ગણાતી. આ થાણાં શરૂઆતમાં જિલ્લા ન્યાયાધીશની દેખરેખ નીચે હતા. તે પછી જિલ્લા પોલીસ વડા (ડિસ્ટ્રીક્ટ સુપ્રિન્ટેન્ડેન્ટ ઑફ પોલીસ)નો હોદ્દો ઊભો કરવામાં આવ્યો. તે સમગ્ર જિલ્લાના પોલીસતંત્રનો વડો હતો. છેવટે પોલીસતંત્રની કામગીરી નાગરિક સેવા સાથે સાંકળી લેવામાં આવી. જિલ્લા કલેક્ટરનો પોલીસતંત્ર પર અંકુશ મુકાયો. પોલીસનું મુખ્ય કાર્ય કાયદો અને વ્યવસ્થાની જાળવણીનું હતું, ગુનાઓની તપાસ કરી તે નાબૂદ કરવાનું હતું. સૌથી મહત્ત્વનું કામ બ્રિટિશ શાસન વિરુદ્ધ ચાલતી પ્રવૃત્તિની જાસૂસી કરવાનું તથા તેને રોકવાનું હતું. વીસમી સદી દરમિયાન પોલીસદળનું મુખ્ય કાર્ય રાષ્ટ્રીય આંદોલનને દબાવવાનું હતું.

## 24.2.3 ભારતીય સામેલગીરી : (Extent of Indian Participation)

ભારતમાં અંગ્રેજોએ ઊભી કરેલી વહીવટી અને ન્યાયકીય વ્યવસ્થાનું ખાસ ધ્યાન ખેંચે એવું લક્ષણ એ હતું કે તેમાં હિન્દીઓને જવાબદારીભર્યા ઉચ્ચ હોદ્દાઓથી વંચિત રાખવામાં આવ્યા હતા. આ નીતિ અગાઉ જોયું તેમ ભારતીય સમસ્યાઓના ઉકેલ માટે મિલે સૂચવેલી ઉપયોગિતાવાદની વિચારસરણીને અનુરૂપ હતી. વળી, હિન્દમાં વહીવટી સુધારાઓનો પાયો નાંખનાર લૉર્ડ કોર્નવૉલિસ પણ હિન્દીઓની

નિષ્ઠા અને કાર્યક્ષમતા અંગે કોઈ ઊંચો અભિપ્રાય ધરાવતો ન હતો. આથી તેમની ભરતીનું ક્ષેત્ર દારોગા તથા અમીન જેવા નીચલા દરજ્જાના અધિકારીઓ પૂરતું જ મર્યાદિત રાખવામાં આવ્યું હતું. આ રીતે હિન્દીઓને જવાબદારીપૂર્ણ હોદાઓથી બાકાત રાખવાની નીતિ સામાન્ય વહીવટ, લશ્કર, ન્યાયતંત્ર, પોલીસ, ઇજનેરી વગેરે તમામ ખાતાંઓમાં અમલી બનાવવામાં આવી હતી. ટૂંકમાં, વાર્ષિક રૂ. 500 કે તેથી વધારે વેતનની નોકરી માત્ર અંગ્રેજોને જ આપવામાં આવતી. તેની પાછળ મુખ્યત્વે એવી ધારણા રહેલી હતી કે બ્રિટિશ આદર્શો, સંસ્થાઓ અને પરંપરાઓ પર આધારિત તંત્ર માટે બ્રિટિશ અધિકારીઓ જ વધુ યોગ્ય હતા. તે સમયે પ્રચલિત બ્રિટિશ મત ભારતને ભારતીયો દ્વારા સંચાલિત સરકારને બદલે સારી સરકાર આપવાની તરફેણમાં હતો અને તેમની દૃષ્ટિએ સારી સરકારનો અર્થ અંગ્રેજો દ્વારા ચાલતી સરકાર એવો થતો હતો.

આમ છતાં ઈ.સ. 1813 પછી હેસ્ટિંગ્ઝના શાસનથી નીચલા સ્તરે અને ખાસ કરીને ન્યાયતંત્રમાં ભારતીયોને સામેલ કરવાની શરૂઆત થઈ. જેમજેમ ન્યાયતંત્ર વિસ્તરતું ગયું તેમતેમ તેમાં વધુ ને વધુ પ્રમાણમાં ભારતીયોનો સમાવેશ થતો ગયો. તેની પાછળ એ ધારણા રહેલી હતી કે સ્થાનિક સ્તરે ન્યાયનું કાર્ય સ્થાનિક વ્યક્તિઓના સહકારથી જ વધુ સારી રીતે કરી શકાય. બેન્ટિકે એક બીજી દલીલ એ રજૂ કરી હતી કે વહીવટીતંત્રને સ્થાનિક જરૂરિયાતોને અનુલક્ષીને ગોઠવવું જોઈએ. તે માટે તેમાં ભારતીયોનો સમાવેશ આવશ્યક હતો.

અલબત્ત, હિંદીઓના સમાવેશ પાછળનું મુખ્ય કારણ આર્થિક હતું. હેસ્ટિંગ્ઝ દ્વારા ખેલાયેલાં યુદ્ધો – ખાસ કરીને બર્મી વિગ્રહ – ને કારણે સરકારની તિજોરી પર ભારે આર્થિક બોજો પડ્યો હતો. સનદી સેવાઓનું વિસ્તરણ સરકારની આર્થિક જવાબદારીઓમાં વધારો કરે તેમ હતું તથા સરકારની પહોંચ બહારનું હતું. વળી, બ્રિટિશ ધોરણો અનુસાર વહીવટી વ્યવસ્થાનું સંચાલન કરવું એ ઘણું ખર્ચાળ હતું. આ સમસ્યાનો એક જ ઉકેલ હતો કે સહાયકસેવામાં બને તેટલી વધુ સંખ્યામાં હિન્દીઓનો સમાવેશ કરવો. તેઓ સરળતાથી અને નીચા પગારે ઉપલબ્ધ હતા. આ પ્રકારની નીતિ હિંદમાં પોતાની કારકિર્દી ઘડવા ઇચ્છતા અંગ્રેજો સામે કોઈ પડકાર ઊભો કરી શકે તેમ ન હતી. કારણ કે તેઓ આવી નીચલા સ્તરની કામગીરી સ્વીકારવા તૈયાર ન હતા.

આ કારણથી જ સરકારે વહીવટીતંત્રમાં સામેલ થવાના ભારતીયોના અધિકારનો જાહેરમાં સ્વીકાર કર્યો હતો. ન્યાયની સમાનતા, સ્થાનિક જરૂરિયાંત, નૈતિક જવાબદારી વગેરે શબ્દોના ઓઠા હેઠળ સરકાર આ દાવાને માન્ય કરતી હતી. 1831ના કાયદાથી હિંદી ન્યાયાધીશોના હાથમાં ન્યાયને લગતી વ્યાપક જવાબદારીઓ સોંપવામાં આવી. બેન્ટિકને અનુસરીને તેના અનુગામી લૉર્ડ ઑકલેન્ડે પણ હિંદી ન્યાયાધીશોના પગાર અને સત્તામાં વધારો કર્યો હતો. અલબત્ત, વીસમી સદીના પ્રારંભ સુધી નીતિવિષયક નિર્ણયો જે હોદ્દા સાથે સંકળાયેલા હતા તે હોદ્દા પર હિન્દીઓની નિમણૂક કરવામાં આવતી ન હતી.

## 'તમારી પ્રગતિ ચકાસો'-2

1. નીચેના મુદ્દાઓ વિશે પાંચેક લીટીઓમાં સમજ આપો :

   (i) કાયદાનું શાસન

   ......................................................................................................

   ......................................................................................................

   ......................................................................................................

   ......................................................................................................

   ......................................................................................................

   (ii) કાયદા સમક્ષની સમાનતા

   ......................................................................................................

   ......................................................................................................

   ......................................................................................................

   ......................................................................................................

   ......................................................................................................

(iii) પોલીસવ્યવસ્થા

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(iv) લશ્કરી વ્યવસ્થા

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

2: નીચેનાં વિધાનો ખરાં (✓) છે કે ખોટાં (✗) તે દર્શાવો :

(i) નવી ન્યાયવ્યવસ્થા દ્વારા સામાન્ય વહીવટને ન્યાયની કામગીરીથી અલગ પાડવામાં આવ્યો.

(ii) નવી વહીવટી વ્યવસ્થામાં પરંપરાગત સામાજિક અને ધાર્મિક કાયદાઓને સદંતર નાબૂદ કરવામાં આવ્યા હતા.

(iii) ઇન્ડિયન પીનલ કોડ માત્ર બંગાળ પૂરતો જ મર્યાદિત હતો.

(iv) બ્રિટિશ તંત્રમાં હિન્દીઓનો પ્રવેશ માત્ર નીચલા સ્તરની નોકરીઓ પૂરતો જ મર્યાદિત હતો.

(v) ઉપયોગિતાવાદી વિચારકો હિંદીઓ દ્વારા હિન્દના શાસનની વિચારસરણીમાં માનતા હતા.

(vi) હિંદીઓને વહીવટમાં સામેલ કરવા પાછળનું સૌથી મહત્ત્વનું કારણ આર્થિક હતું.

3. હિંદમાં બ્રિટિશ સનદી સેવાના વિકાસ પર 50 શબ્દોમાં ટૂંક નોંધ લખો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

## 24.3 સારાંશ : (Let us Sum Up)

ઓગણીસમી સદી દરમિયાન બ્રિટિશ શાસન હેઠળ ભારતમાં આધુનિક સ્વરૂપની વહીવટી અને ન્યાયકીય સંસ્થાઓનો વિકાસ શરૂ થયો. તેની રચના અને વિકાસની પાછળ ઓગણીસમી સદીના બ્રિટનમાં પ્રચલિત કેટલીક વિચારધારાઓનો પ્રભાવ હતો. તે સાથે બ્રિટનમાં સક્રિય એવાં કેટલાંક વર્ગીય હિતોએ આ વિકાસની પ્રક્રિયાને ઘડવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. તેને પરિણામે હિન્દમાં એકસમાન ધારાકીય અને વહીવટી માળખું અસ્તિત્વમાં આવ્યું. આ માળખાંનું સ્વરૂપ આધુનિક અને અખિલ હિન્દ વ્યાપી હતું. વીસમી સદી દરમિયાન તેની અસરો વધુ સ્પષ્ટ રીતે જોઈ શકાઈ. બ્રિટિશ સરકાર માટે આ નવી વ્યવસ્થા હિંદ પર પોતાનો અંકુશ મજબૂત રીતે સ્થાપિત કરવા ઉપયોગી બની. સામે પક્ષે

ભારતીયોને આ વ્યવસ્થાએ એકતા માટેની ભૂમિકા અને અંગ્રેજ શાસન સામે વળતો પડકાર ઊભો કરવા માટેની તક પૂરી પાડી.

## 24.4 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો :

**'તમારી પ્રગતિ ચકાસો'-1**

(1) જુઓ પેટાવિભાગ 24.1.1

(2) જુઓ પેટાવિભાગ 24.1.1

(3) જુઓ પેટાવિભાગ 24.1.1 અને 24.1.2

# એકમ : 25 સામાજિક નીતિ અને ભારતીય પ્રતિભાવ : (Social Policy and Indian Response)

**રૂપરેખા**


25.0 હેતુ અને પ્રસ્તાવના

25.1 સાંસ્થાનિક નીતિના ઘડતરસંબંધી ઇતિહાસલેખન

25.2 અંગ્રેજોની પ્રારંભિક સામાજિક નીતિ

25.3 સંસ્થાનવાદી સામાજિક નીતિમાં આવેલ પરિવર્તનો

25.3.1 બાળહત્યા

25.3.2 સતી

25.3.3 ગુલામી

25.4 બ્રિટિશ નીતિ અને ભારતીય પ્રતિભાવ એક મૂલ્યાંકન

25.5 સારાંશ

25.6 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો


## 25.0 હેતુ અને પ્રસ્તાવના : (Objective and Introduction)

આ એકમના અભ્યાસ પછી આપને જાણવા મળશે –

- સંસ્થાનોની સામાજિક નીતિને ઘડનારાં પરિબળો.
- ભારતમાં પ્રારંભિક તબક્કે બ્રિટનની સામાજિક નીતિ.

અઢારમી સદીના ઉત્તરાર્ધ દરમિયાન ભારતીય રાજકારણમાં બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપનીનો ઉદય થયો. પ્લાસી અને બક્સરના યુદ્ધને પરિણામે એક મહત્ત્વની વ્યાપારી અને લશ્કરી સત્તા તરીકે તેની પ્રતિષ્ઠા સ્થાપિત થઈ. અઢારમી સદીના અંતિમ અને ઓગણીસમી સદીના પ્રારંભિક દાયકાઓ દરમિયાન ઈસ્ટ ઇન્ડિયા કંપનીનું એક વ્યાપારી કંપનીમાંથી ભારતની સર્વોપરી રાજકીય સત્તામાં રૂપાંતર થયું. કંપનીની કામગીરીનું સ્વરૂપ બદલાતું ગયું તેમતેમ તેની સંચાલન-વ્યવસ્થામાં પણ પરિવર્તન આવ્યું. તેણે રાજકીય સત્તાને અનુરૂપ સંસ્થાકીય માળખાંઓની રચના કરવી પડી. તે સાથે શાસક તરીકે શાસિતો પ્રત્યેની તેની ફરજો પ્રત્યે પણ જાગ્રત થવું પડ્યું. તેમાંથી કંપનીની સામાજિક નીતિનું ઘડતર થયું. શરૂઆતમાં કંપનીની નીતિ પરંપરાગત સામાજિક વ્યવસ્થાને ચાલુ રાખવાની હતી. હિંદની પ્રચલિત સામાજિક સંસ્થાઓને તેણે યથાસ્વરૂપે જાળવી રાખવા પ્રયાસ કર્યો. વખત જતાં જરૂર પ્રમાણે તેમાં થોડા સુધારાવધારા કર્યા. બ્રિટનમાં આ સમયે પ્રચલિત વૈચારિક પ્રવાહો, વર્ગીય હિતો, કંપનીની સામાજિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખી હિંદમાં ક્રમશઃ એક નવી વ્યવસ્થા વિકાસ પામી. ભારતીય સમાજે પણ આ નવાં પરિવર્તનોને અનુરૂપ પોતાનો પ્રતિભાવ આપ્યો. આ એકમમાં આપણે સાંસ્થાનિક સરકારની સામાજિક નીતિને ઘડનારાં પરિબળો, તે સંદર્ભે બ્રિટિશ શાસકોએ ભારતીય સમાજ પ્રત્યે અપનાવેલી નીતિ, વખત જતાં તેમાં આવેલાં પરિવર્તનો, હિન્દની કેટલીક સામાજિક પરંપરાઓમાં બ્રિટિશ સરકાર દ્વારા કરવામાં આવેલી દરમિયાનગીરી, તેની અસરો અને ભારતીય સમાજે આપેલા પ્રતિભાવો અંગેની ચર્ચા કરીશું.

## 25.1 સાંસ્થાનિક નીતિના ઘડતરસંબંધી ઇતિહાસલેખન : (Historiography of Colonial Policy Formation)

બ્રિટિશ શાસકોએ ભારતમાં સામાજિ ક્ષેત્રે જે કામગીરી બજાવી તે સંદર્ભમાં સાંસ્થાનિક રાજ્યની નીતિને યોગ્ય રીતે સમજવી જરૂરી છે. ભારતમાં વહીવટી નીતિના સંદર્ભમાં બ્રિટિશ અમલદારો અને તેના

વિરોધી એવા રાષ્ટ્રવાદી વિચારકો કેટલીક બાબતમાં સમાન દૃષ્ટિકોણ ધરાવતા હતા. બંને સાંસ્થાનિક રાજ્યને એક સર્વવ્યાપી અને સર્વસત્તાધીશ સંસ્થા તરીકે નિહાળતા હતા. તેમની માન્યતા હતી કે રાજ્ય ઇચ્છે તો ભારતીય સમાજમાં સંપૂર્ણ પરિવર્તન લાવી શકે તેમ છે. સ્વાભાવિક રીતે જ આ પ્રકારની વિચારસરણી સત્તાની ટોચ પરથી પરિવર્તનની નીતિમાં વિશ્વાસ ધરાવતી હતી. આ કારણે તેમની નીતિનો અભ્યાસ કરવા માટે સત્તાના કેન્દ્રમાં રહેલા વર્ગના વિચારો અને અભિગમોને સમજવા પર ભાર મૂક્યો હતો.

રજની પાલદત્ત જેવા માર્ક્સવાદી લેખકોએ બ્રિટિશ નીતિના ઘડતરમાં મોટાં શહેરોનાં અર્થતંત્રોની જરૂરિયાતની ભૂમિકા પર ધ્યાન કેન્દ્રિત કર્યું. કેટલાક અન્ય ઇતિહાસલેખકોએ સાંસ્થાનિક નીતિના ઘડતરના નિર્ણાયક પરિબળ તરીકે વિવિધ વિચારસરણીઓની સંયુક્ત અસરને તપાસવાનો પ્રયાસ કર્યો છે. તાજેતરના કેટલાક સ્થાનિક અને પ્રાદેશિક અભ્યાસોએ પૂર્વેના લેખકોએ અપનાવેલા સાંસ્થાનિક રાજ્યની સર્વવ્યાપી ભૂમિકાના અભિગમનો અસ્વીકાર કર્યો છે. આ પ્રકારના લેખકોએ સ્થાનિક સ્તરે સત્તાનાં વિવિધ જોડાણોની રાષ્ટ્રીય નીતિ પર પડેલી અસરોને મહત્ત્વ આપ્યું છે. આમ, સાંસ્થાનિક રાજ્યની નીતિના અભ્યાસ સંદર્ભે વિવિધ મંતવ્યો તથા અભિગમોનો વિકાસ થયો છે.

## 25.2 અંગ્રેજોની પ્રારંભિક સામાજિક નીતિ : (Early Social Policy of The British)

સામાજિક નીતિ એ એક વ્યાપક ખ્યાલ છે, જેમાં કાયદો, શિક્ષણ, કુટુંબ, ગુનાખોરી, હોદ્દો વગેરે સમાજ, જીવનનાં અનેક પાસાંઓનો સમાવેશ થાય છે. રાજ્ય પ્રજાજીવનનાં આ બધાં પાસાંઓને ધ્યાનમાં રાખી સમાજના નિયમન અર્થે પોતાની સામાજિક નીતિનું ઘડતર કરે છે. ભારતમાં કંપનીશાસન હેઠળ સ્થપાયેલા સાંસ્થાનિક રાજ્યે પણ આ પાસાંઓને ધ્યાનમાં રાખીને પોતાની સામાજિક નીતિનું ઘડતર કર્યું હતું. આમાંના કેટલાક મુદ્દાઓની ચર્ચા આપણે અગાઉના એકમોમાં કરી છે, જેથી આ એકમમાં આપણે કંપનીએ પોતાના શાસનકાળના પ્રારંભે ભારતીય સમાજની મહત્ત્વની સમસ્યાઓ અંગે અપનાવેલી નીતિનો અભ્યાસ કરીશું. બ્રિટિશ શાસનનો પ્રારંભ બંગાળમાં થયો હતો, તેથી પોતાની તમામ રાજકીય તથા સામાજિક યોજનાઓની પ્રયોગશાળા તરીકે અંગ્રેજોએ બંગાળ પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. બ્રિટિશ રાજ્યની રાજધાની કલકત્તામાં હતી. અંગ્રેજોના લાંબા સંપર્કને પરિણામે બંગાળમાં આધુનિક શિક્ષણ પ્રાપ્ત કરેલો અને આધુનિક વિચારો ધરાવતો એક નાનકડો પણ બોલકો વર્ગ અસ્તિત્વમાં આવ્યો હતો. આ વર્ગે અંગ્રેજ શાસકોની સામાજિક નીતિના ઘડતર પર અસર પાડી હતી. કલકત્તામાં અંગ્રેજોની આર્થિક તથા શૈક્ષણિક પ્રવૃત્તિના ફલસ્વરૂપે ત્યાંનો ભદ્ર વર્ગ તેમના સંપર્કમાં આવ્યો હતો. તેમનાં સામાજિક તથા સાંસ્કૃતિક જીવનમાં નવું ચેતન આવ્યું હતું. પશ્ચિમી શિક્ષણ, વિચારો અને સરકારથી પરિચિત બનેલા બંગાળી ભદ્ર સમાજ બ્રિટિશ સામાજિક નીતિ અંગે ચર્ચા કરતો તથા તેને યોગ્ય પ્રતિભાવ આપતો થયો હતો. પરિણામે કંપની સરકારની સામાજિક નીતિના ઘડતર પર આ વર્ગના અભિપ્રાયોની પણ અસર પડી હતી.

ભારતનો પ્રથમ ગવર્નર જનરલ વૉરન હેસ્ટિંગ્ઝ ભારતમાં એવી નોકરશાહીની રચના કરવા ઇચ્છતો હતો કે જે ભારતીય ભાષાઓથી પરિચિત હોય તથા તેની પરંપરાઓને યોગ્ય રીતે સમજી તેનો આદર કરવા સમર્થ હોય. તે માનતો હતો કે માત્ર લશ્કરી વિજયોને આધારે શાસન કરવું શક્ય નથી પરંતુ શાસન હેઠળની પ્રજા સાથેના ગાઢ સંપર્ક તથા તેમની જીવનપદ્ધતિ અંગેની પૂરતી સમજ હોવી જરૂરી છે. આ માટે હિન્દની પરંપરાગત ભાષાઓની જાણકારી એ ગુરુચાવી હતી. આ કારણે તેણે ઑક્સફર્ડમાં ફારસી ભાષાના પ્રાધ્યાપકની જગા ઊભી કરવા યોજના તૈયાર કરી. સનદી સેવા માટે તૈયાર થયેલા ઉમેદવારોને ભારત આવતા પહેલાં ફારસી અને હિન્દુસ્તાની ભાષા શીખવા માટે ઉત્તેજન આપવામાં આવ્યું. કંપનીએ ભાષાશિક્ષણ અંગેનો નિર્ણય છેક 1790માં લીધો. ત્યાં સુધી પોતાના લક્ષને ધ્યાનમાં રાખીને હેસ્ટિંગ્ઝે તાત્કાલિક ઉપાય તરીકે પોતાની સાથે એવા સમર્પિત સનદી અધિકારીઓની ટીમ તૈયાર કરી, જેઓ કાયદા અને ન્યાયને લગતા ભારતીય ગ્રંથોના અભ્યાસ અને ભાષાંતરમાં ઊંડો રસ ધરાવતા હતા. અભ્યાસ અને ભાષાંતરની આ પ્રવૃત્તિને પ્રોત્સાહિત કરવા હેસ્ટિંગ્ઝે સારી એવી આર્થિક સહાય પણ પૂરી પાડી. તેના પ્રોત્સાહન હેઠળ અંગ્રેજો દ્વારા સંસ્કૃતમાંથી ઊતરી આવેલી ભાષાઓ પૈકી સૌપ્રથમ બંગાળી ભાષાનો પદ્ધતિસરનો અભ્યાસ કરવાની શરૂઆત થઈ. નેથેનીઅલ હેલહેડ નામના તેના એક ગાઢ સાથીએ હિંદુ કાયદા અને પરંપરાઓનો સંગ્રહ કરી તેનું અંગ્રેજી ભાષાંતર તૈયાર કર્યું. 1788માં તેણે બંગાળી ભાષાનું વ્યાકરણ અંગ્રેજીમાં પ્રકાશિત કર્યું.

કંપનીના કાયદાઓ તથા દસ્તાવેજો સ્થાનિક ભાષાઓમાં તૈયાર કરવાના હેસ્ટિંગ્ઝના પ્રયાસોને કારણે કલકત્તામાં છાપખાના-પ્રવૃત્તિને ઉત્તેજન મળ્યું. એશિયાટીક સોસાયટીની સ્થાપના કરી. તેના દ્વારા ભારતની પ્રાચીન પરંપરાઓનું સંશોધન કરવાની પ્રવૃત્તિ શરૂ કરવાનું શ્રેય પણ હેસ્ટિંગ્ઝને ફાળે જાય છે. કલકત્તામાં મદરેસાની સ્થાપના આ દિશામાં લેવાયેલું અન્ય મહત્ત્વનું પગલું હતું.

કેટલાક વિદ્વાનોના મત અનુસાર હેસ્ટિંગ્ઝના સમયની બ્રિટિશ સામાજિક અને સાંસ્કૃતિક નીતિ અંગ્રેજોના પૂર્વીય સંસ્કૃતિ પ્રત્યેના આકર્ષણથી પ્રેરિત હતી. અલબત્ત તે સાથે એ પણ નોંધવું જરૂરી છે કે આ પ્રકારની નીતિ તત્કાલીન બ્રિટિશ સામ્રાજ્યની જરૂરિયાતો અને મર્યાદાઓને ધ્યાનમાં લેતાં ઘણી અનુકૂળ હતી. ભારતમાં શાસન માટે કાયમી વ્યવસ્થા ઊભી કરવા માટે સ્થાનિક પ્રજા, તેમના સામાજિક રિવાજો, વ્યવહારો અને નિયમોનો પૂરતો પરિચય મેળવવો જરૂરી હતો. વિજિત પ્રજા પરની હકૂમત તેમની પરંપરા અનુસાર ચલાવવાની અને અંગ્રેજીકરણની પ્રક્રિયાને ખાળવાની હેસ્ટિંગ્ઝની નીતિ અંશતઃ પૂર્વીય પરંપરા પ્રત્યેના આદરભાવથી અને અંશતઃ રાજકીય ડહાપણથી પ્રભાવિત હતી. યુરોપિય ધોરણોની દૃષ્ટિએ ભિન્ન જણાતી સ્થાનિક પરંપરાઓ પ્રત્યે પોતાના શાસનના પ્રારંભકાળે તેમણે પૂરતી સહાનુભૂતિ દર્શાવી હતી. ઉદાહરણ તરીકે અઢારમી સદીના અંતિમ દાયકાઓ દરમિયાન દક્ષિણ ભારતનાં નાયર કુટુંબોમાં પ્રચલિત બહુપતિ પ્રથા અને માતૃપ્રધાન કુટુંબવ્યવસ્થા પ્રત્યે તેમના હેવાલોમાં કોઈ ટીકાત્મક વલણ જોવા મળતું નથી. નાયર સ્ત્રીઓમાં બહુપતિ પ્રથાને કંપનીના અમલદારોએ નાયર પુરુષોની લશ્કરી કારકિર્દીના પરિણામ તરીકે ગણાવી હતી. આથી ઊલટું ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં બ્રિટિશ હેવાલોએ માતૃપ્રધાન વ્યવસ્થાને 'અકુદરતી' અને બહુપતિ પ્રથાને 'અનૈતિક' ગણાવી વેશ્યાપ્રથા સાથે સરખાવી હતી.

**'તમારી પ્રગતિ ચકાસો'-1**

(પ્રત્યેક પ્રશ્નનો પાંચ-પાંચ વાક્યોમાં જવાબ આપો.)

1. હિંદમાં સાંસ્થાનિક રાજ્યની સામાજિક નીતિ સંબંધી ઇતિહાસલેખનના વિવિધ અભિગમોનો ટૂંકમાં ખ્યાલ આપો.

.................................................................................................

.................................................................................................

.................................................................................................

.................................................................................................

.................................................................................................

2. બ્રિટિશ શાસકોની સામાજિક નીતિના પ્રથમ પ્રયોગો બંગાળમાં થવા માટે કયાં કારણો જવાબદાર હતાં ?

.................................................................................................

.................................................................................................

.................................................................................................

.................................................................................................

.................................................................................................

3. વૉરેન હેસ્ટિંગ્ઝે અપનાવેલી સામાજિક નીતિનો પરિચય આપો.

.................................................................................................

.................................................................................................

.................................................................................................

.................................................................................................

.................................................................................................

## 25.3 સંસ્થાનવાદી સામાજિક નીતિમાં આવેલાં પરિવર્તનો : (Changes in Colonial Social Policy)

વૉરેન હેસ્ટિંગ્ઝના શાસન પછી ભારતીય સમાજની બાબતમાં બ્રિટિશ નીતિમાં ક્રમશઃ પરિવર્તન આવ્યું. હવે સરકારે ધીમેધીમે થોડાક ખચકાટ સાથે હિન્દની સામાજિક સંસ્થાઓની બાબતે સંભાળપૂર્વકની દરમિયાનગીરી કરવાની નીતિ અપનાવી. પૌર્વાત્ય પરંપરાઓનો આદર કરવાની હેસ્ટિંગ્ઝના સમયની નીતિ હવે ટીકાસ્પદ બની. તેને બદલે ભારતીય સમાજના ઝડપી આધુનિકીકરણ અને પશ્ચિમીકરણની હિમાયત કરતી વિચારસરણીઓનો પ્રભાવ વધ્યો. ખ્રિસ્તીધર્મની અસર નીચે સમાજસુધારાની પ્રવૃત્તિને ઉત્તેજન આપનાર એવેન્જેલિકલ વિચારકો જેમાં વિલિયમ વિલબર ફૉર્સ તથા ચાર્લ્સ ગ્રાંટ (જે પાછળથી બોર્ડ ઑફ કંટ્રોલનો પ્રમુખ બન્યો હતો) જેવા સુધારકો એવું મંતવ્ય ધરાવતા હતા કે હિંદુધર્મ અંધશ્રદ્ધા, મૂર્તિપૂજા તથા ધર્માચાર્યોની આપખુદી જેવાં વ્યાપક દૂષણોથી પિડાતો હતો. તેમનું મુખ્ય ધ્યેય ખ્રિસ્તી મિશનરી પ્રવૃત્તિઓ દ્વારા ભારતીયોનું ધર્મપરિવર્તન કરી તેમનું આધુનિકીકરણ કરવાનું હતું. બીજી તરફ બેન્થામ, જેમ્સ મિલ અને જહૉન સ્ટુઅર્ટ મિલ જેવા ઉદામવાદીઓ તર્ક અને વિજ્ઞાન પર આધારિત

ઉપયોગિતાવાદના ખ્યાલો દ્વારા ભારતમાં પરિવર્તન લાવવા માગતા હતા. તેઓ સરકારના અંતિમ લક્ષ તરીકે મહત્તમ સંખ્યામાં લોકોના કલ્યાણના આદર્શ પર વધુ ભાર મૂકતા હતા. તેઓ વ્યક્તિના જીવન અને તેની મિલકતની સુરક્ષાને આ ધ્યેય હાંસલ કરવાના સાધન તરીકે ઓળખતા હતા.

આ પ્રકારની વિચારસરણીઓમાંથી કંપની સરકારની સામાજિક નીતિનાં નિર્ધારક બળોનો ઉદ્ભવ થયો હતો. વ્યાપક અસંતોષ અને વિદ્રોહને રોકવાનું ડહાપણ એ ભારતમાં પશ્ચિમી વિચારોના એકસામટા અને ઝડપી અમલીકરણના ઉત્સાહ પર નિયંત્રણ મૂકનારું પરિબળ હતું. સરકારી નીતિના ઉપર્યુક્ત આધારો ધ્યાનમાં રાખી હવે આપણે બ્રિટિશ સરકારે ભારતમાં કયાં સામાજિક પાસાંઓમાં દરમિયાનગીરી કરવાની નીતિ અમલમાં મૂકી તેનો વિગતે પરિચય મેળવીશું.

### 25.3.1 બાળહત્યા : (Infanticide)

બ્રિટિશ શાસકોએ સૌપ્રથમ ધ્યાન બાળહત્યાના દૂષણને ડામી દેવા પ્રત્યે આપ્યું. નવજાત બાળકીઓની હત્યા ભારતના ઘણા વિસ્તારોમાં પ્રચલિત હતી. પુત્રીઓનાં લગ્ન તથા કરિયાવર પાછળ થતો ભારે ખર્ચ તે માટે કારણભૂત હતો. રાજપૂતો, જાટ, મેવાતીઓ તથા બનારસનાં રાજવંશી કુટુંબોમાં નવજાત બાળકીઓને ઝેર આપીને કે ભૂખે મારી નાખવાની પ્રથા શરૂ થઈ હતી. ગુજરાતમાં પણ કાઠિયાવાડનાં રાજકુટુંબોમાં આ પ્રથા વ્યાપક બની હતી. બનારસના રેસિડેન્ટ જોનાથન ડંકને આ સામાજિક દૂષણને દૂર કરવામાં પહેલ કરી હતી. આ માટે કાયદાનો આશરો લેવાને બદલે ડંકને સમજાવટનો માર્ગ અપનાવ્યો હતો. સ્થાનિક રાજવીઓની મુલાકાત લઈ આ કાર્ય બાળહત્યા જેવો ગંભીર અપરાધ અને હિંદુશાસ્ત્રો વિરોધી છે તેમ સમજાવવા પ્રયાસ કર્યો. આ ક્રૂર રિવાજ પાછળ રહેલાં આર્થિક કારણોથી ડંકન પરિચિત હતો, તેથી આ પ્રથા છોડી દેવામાં આવે તો સરકાર તરફથી આર્થિક સહાય આપવાનું વચન પણ તેણે આપ્યું હતું.

બંગાળમાં પણ નવજાત બાળકીઓની હત્યાનું દૂષણ પ્રવર્તતું હતું. રેવ. વૉર્ડે પોતાના પુસ્તક 'એ વ્યૂ ઑફ ધી હિસ્ટ્રી, લિટરેચર ઍન્ડ રિલિજીયન ઑફ ધી હિન્દુઝ'માં બંગાળમાં પ્રવર્તતા આ દૂષણ અંગે વિસ્તૃત ચર્ચા કરેલી છે. વિલિયમ કેરી નામના ફોર્ટ વિલિયમ કૉલેજના મિશનરીએ આ કુપ્રથા નાબૂદ કરવા માટે ભારે ઝુંબેશ ચલાવી હતી. ગવર્નર જનરલ વેલેસ્લીની કાઉન્સિલના એક સભ્યએ પણ આ પ્રથા પ્રત્યે તેનું ધ્યાન દોર્યું હતું. કેરીએ હિન્દુ પંડિતો સાથે ચર્ચાવિચારણા કરીને આ પ્રથાને તાત્કાલિક દબાવી દેવા માટે સરકારને વિનંતિ કરી. કલકત્તાના ન્યાયાધીશોએ પણ એક પત્ર લખીને સરકારનું ધ્યાન દોર્યું કે મુઘલ શાસન દરમિયાન પણ આ પ્રથાને માન્યતા મળી ન હતી. તેમણે એ પણ નોંધ્યું હતું કે આવા કૃત્યને અટકાવવા જ્યારે પોલીસ દરમિયાનગીરી કરતી ત્યારે પ્રજા તરફથી પોલીસ કાર્યવાહી સામે કોઈ વિરોધ થતો ન હતો. આ બધા પ્રયાસોને પરિણામે 1802માં બાળહત્યા વિરોધી કાયદો સરકારે પસાર કર્યો. આ કાયદાનો પ્રજા તરફથી કોઈ વિરોધ થયો નહિ. ગુજરાતમાં પણ કર્નલ વૉકરે કાઠિયાવાડના સ્થાનિક રાજવીઓ સાથે કરેલા કોલ-કરારમાં પોતાની હકૂમત હેઠળના પ્રદેશોમાં આ પ્રથા નાબૂદ કરવા આ રાજવીઓને સમજાવ્યા. બહુ મર્યાદિત કુટુંબોમાં આ કુપ્રથા પ્રચલિત હોવાને કારણે તથા હિન્દુ ધાર્મિક પરંપરાઓનું તેને સમર્થન ન હોવાને કારણે ઝાઝા વિરોધ વગર આ દૂષણ નાબૂદ કરવામાં સરકારને સફળતા મળી. આમ, આ કુરિવાજની નાબૂદી માટેની પહેલ ખ્રિસ્તી મિશનરીઓ અને બ્રિટિશ અમલદારો દ્વારા કરવામાં આવી. સરકાર મોડે મોડે હિંદુ પંડિતોની સલાહ લીધા પછી જ આ દિશામાં સક્રિય બની હતી.

### 25.3.2 સતી : (Sati)

બ્રિટિશ રાજ્ય તરફથી ભારતની સામાજિક વ્યવસ્થામાં દરમિયાનગીરી કરવાનો બીજો પ્રસંગ સતીપ્રથા અથવા વિધવા સ્ત્રીઓના અગ્નિસ્નાનને રોકવાને લગતો હતો. ઓગણીસમી સદીના આરંભે ત્રણે પ્રાન્તોમાં આ દૂષણ વ્યાપક રીતે ફેલાયેલું હતું. 1815થી 23ના ગાળા દરમિયાન બંગાળ પ્રાન્તના કેટલાંક ડિવિઝનોમાં સતી થવાના પ્રસંગોના આંકડા નીચે દર્શાવ્યા છે, જે આ દૂષણ બંગાળમાં કેટલું વ્યાપક હતું તેનો ખ્યાલ આપે છે :

| ડિવિઝન | સતીના પ્રસંગોની સંખ્યા |
|---|---|
| કલકત્તા | 3379 |
| ઢાકા | 408 |
| મુર્શિદાબાદ | 198 |
| પટણા | 425 |
| બનારસ | 875 |
| બરેલી | 140 |
| કુલ | 5425 |

વિધવાઓને સતી બનાવવાનો રિવાજ માત્ર બ્રાહ્મણો પૂરતો જ મર્યાદિત ન હતો પરંતુ અન્ય જ્ઞાતિઓમાં પણ તે પ્રચલિત હતો. અલબત્ત, કુલ મૃત્યુની દૃષ્ટિએ તેનું પ્રમાણ અલ્પ હતું, પરંતુ ઓછી સંખ્યા એ આ અમાનવીય અને ક્રૂર પ્રથાના બચાવનું કોઈ કારણ ન ગણાય, વૈદિક પરંપરામાં કોઈ જગ્યાએ ઉલ્લેખ થયેલો ન હોવા છતાં ભારતમાં ઘણા પ્રાચીન સમયથી સતીનો રિવાજ પ્રચલિત હતો. ઘણા ભારતીય શાસકોએ આ પ્રથાને ડામવાનો પ્રયાસ કર્યો હતો. મુઘલ સમ્રાટ, અકબર, જહાંગીર, ગુરુ અમરનાથ, પેશ્વાઓ, મહારાણી અહલ્યાબાઈ, તાંજોરના રાજવી, ગોવાના પોર્ટુગીઝ શાસકો વગેરે દ્વારા તેના પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. 1795માં કોલબ્રૂકે પણ આ પ્રથા વૈદિક પરંપરાથી વિપરીત છે તેવું પ્રસ્થાપિત કરવા પ્રયાસ કર્યો હતો. આમ છતાં ઓગણીસમી સદીના પ્રારંભકાળ સુધી આ અમાનવીય પ્રથાની નાબૂદી અર્થે કોઈ નક્કર પગલાં ભરાયાં ન હતાં. જ્યારે બંગાળની અન્ય યુરોપિયન કંપનીઓએ પોતાની હકૂમત હેઠળના વિસ્તારોમાં આ પ્રથા પર પ્રતિબંધ મૂક્યો હતો ત્યારે કલકત્તાની સર્વોચ્ચ અદાલતે શહેરના માત્ર એક વિસ્તાર પૂરતી મનાઈ ફરમાવી હતી.

બ્રિટિશ સરકારની પ્રારંભિક નીતિ અંગેનો ખ્યાલ 1789માં શાહબાદના કલેક્ટર બ્રુકે જ્યારે આ પ્રથા પર પ્રતિબંધ મૂક્યો ત્યારે સરકારે અપનાવેલા વલણ પરથી આવે છે. ગવર્નર જનરલ કોર્નવૉલિસને આ અંગે જાણ કરતાં તેણે એવું મંતવ્ય વ્યક્ત કર્યું હતું કે હિન્દુ પરંપરા તથા ધાર્મિક માન્યતાઓ પ્રત્યે ઉદારતાપૂર્વકની સહિષ્ણુતા દાખવવા છતાં જ્યાં માનવતાનાં મૂલ્યો સંકળાયેલાં હોય ત્યાં આંખ આડા કાન કરવા ન જોઈએ. આ સંદર્ભે કોર્નવૉલિસે એવું સૂચન કર્યું હતું કે આવા કિસ્સાઓમાં બને ત્યાં સુધી બળનો પ્રયોગ કરવાને બદલે સમજાવટનો માર્ગ અપનાવવો જોઈએ. 1797માં મિદનાપુરના મૅજિસ્ટ્રેટે બાળવિધવાઓને સતી કરવાની પ્રથા પર પ્રતિબંધ મૂકતું પગલું ભર્યું, ત્યારે તેને પણ બળ-પ્રયોગ ન કરવા માટે ગવર્નર જનરલે સલાહ આપી હતી.

કેરીની પ્રેરણાથી સીરામપુરના મિશનરીઓએ કલકત્તાની આસપાસના વિસ્તારમાં વિધવાઓનાં અગ્નિસ્નાન અંગે સર્વેક્ષણ કર્યું. કેરીએ ફોર્ટ વિલિયમ કૉલેજમાં હિંદુશાસ્ત્રોના અધ્યયન અને તેમાં સતી અંગેના નિર્દેશોનો અભ્યાસ કરવા માટે કેટલાક હિન્દુ પંડિતોને નિયુક્ત કર્યા. સર્વેક્ષણને અંતે કેરીએ તારણ કાઢ્યું કે હિન્દુ ધર્મશાસ્ત્રો સતીપ્રથાનો વિરોધ નથી કરતા, તો સાથે સાથે તેને ફરજિયાત પણ ગણતા નથી. આ પછી તેણે લૉર્ડ વૅલેસ્લીને આ ઘાતકી પ્રથા બંધ કરવા એક વિનંતિપત્ર મોકલ્યો. 1805માં લૉર્ડ વૅલેસ્લીએ નિઝામત અદાલતના ન્યાયાધીશોને સતીપ્રથા કેટલે અંશે હિંદુધર્મ પર આધારિત હતી તેનું સંશોધન કરવા સૂચન કર્યું. અદાલતના પંડિતોએ જાહેર કર્યું કે વિધવાઓ માટે અગ્નિસ્નાન ફરજિયાત નથી. આમ છતાં અદાલતે એવી પણ ટકોર કરી કે સતીનો રિવાજ ઘણો પ્રચલિત હોવાને કારણે તેને નાબૂદ કરવાનું કોઈ પણ પગલું લોકોમાં અસંતોષ જન્માવનારું બની શકે તેમ છે.

કેટલાક ખચકાટ પછી 1813માં સરકારે સતી થવાની લઘુતમ વયમર્યાદા 16 વર્ષની નક્કી કરી. વળી, જો કોઈ અન્ય વ્યક્તિ સંભાળ લેવાને તૈયાર ન હોય તો ત્રણ વર્ષથી નાની ઉંમરના બાળકની માતાના સતી થવા પર પણ પ્રતિબંધ મૂક્યો.

1819 અને 1821માં સુપ્રિમ કોર્ટના બે ન્યાયાધીશોએ સતીપ્રથા પર તાત્કાલિક પ્રતિબંધ મૂકવાની ભલામણ કરી. તેમની માન્યતા મુજબ આ પગલાની કોઈ વિપરીત અસર લોકો પર પડે તેમ ન હતી. પરંતુ સરકારે આ ભલામણોનો સ્વીકાર કર્યો નહિ. 1821માં લૉર્ડ હેસ્ટિંગ્ઝે સતીપ્રથાની સદંતર નાબૂદી કરવા માટે ઇનકાર કર્યો. તેણે એવો ભય દર્શાવ્યો હતો કે આમ કરવાથી પ્રજાનું ધાર્મિક ઝનૂન ઉભરાશે. હેસ્ટિંગ્ઝનો અનુગામી લૉર્ડ એમ્હર્સ્ટ પણ એવો જ અભિપ્રાય ધરાવતો હતો. તેને શંકા હતી કે આવાં પગલાંથી ધાર્મિક લાગણી ઉશ્કેરાશે અને તેના પડઘા લશ્કર પણ પણ પડશે. મુંબઈ પ્રાન્તની સરકાર અને દિલ્હીમાં ચાર્લ્સ મેટકાફ પણ આ પ્રથા પર તાત્કાલિક પ્રતિબંધ મૂકવાની તરફેણમાં ન હતા.

એક બાજુ સરકાર જ્યારે સતીપ્રથા અંગે ચોક્કસ નિર્ણય લઈ શકતી ન હતી ત્યારે તેની સામે સ્થાનિક પ્રજામાંથી જાગૃતિ અને વિરોધનો સૂર નીકળવો શરૂ થયો હતો. બંગાળનો નવશિક્ષિત વર્ગ રાજા રામમોહનરાયના નેતૃત્વ નીચે ભારતીય સમાજમાં પ્રવેશેલાં સામાજિક દૂષણો, અંધશ્રદ્ધા વગેરે દૂર કરવા માટે સક્રિય બન્યો હતો. સતીપ્રથા જેવા સામાજિક અનિષ્ટ અને ક્રૂર રિવાજને નાબૂદ કરવા માટે તેમણે સરકારને એક વિનંતિપત્ર મોકલ્યો. વળી, સરકારે સતી થવા માટે નિશ્ચિત કરેલી વયમર્યાદાનું યોગ્ય રીતે પાલન થાય તેની પૂરતી તપાસ રાખવા માટે એક સમિતિની રચના પણ કરવામાં આવી. રામમોહનરાયે સતીપ્રથા વિરુદ્ધ વ્યાપક સામાજિક ઝુંબેશ ઉપાડી. જાહેરસભા, ચર્ચાસભા, ચર્ચાપત્રો

દ્વારા આ પ્રથા વિરુદ્ધ લોકમત તૈયાર કરવાનો કામગીરી શરૂ કરી. સતીપ્રથાના સમર્થકો સામે જાહેરમાં વાદવિવાદ શરૂ કર્યો. 'સંવાદકૌમુદી' નામના પોતાના સામયિક દ્વારા આ મુદ્દાની વિશદ ચર્ચા કરી લોકોમાં જાગૃતિ લાવવા પ્રયાસ કર્યો. 'સમાચારદર્પણ' અને 'બંગદૂત' જેવા સમાચાર-પત્રોએ તેમની આ પ્રવૃત્તિને ટેકો આપ્યો. તેની સામે રૂઢિવાદી હિંદુઓએ 'સમાચાર-ચંદ્રિકા' નામના પત્ર દ્વારા વિરોધી ઝૂંબેશ શરૂ કરી.

બીજી તરફ ખ્રિસ્તી મિશનરીઓ પણ આ પ્રથા સામે સક્રિય પ્રવૃત્તિ ચલાવી રહ્યા હતા. તેઓ બ્રિટિશ પ્રજા અને સરકારનું ધ્યાન આ પ્રશ્ન પ્રત્યે આકર્ષવા પ્રયત્નશીલ હતા. બ્રિટિશ સંસદે આ સમસ્યા સંબંધિત તમામ વિગતો એકત્રિત કરી પ્રકાશિત કરવા હિંદસરકારને સૂચના આપી.

આમ, સતીપ્રથા સામે ઇંગ્લૅન્ડ અને ભારતમાં વિરોધ જાગ્યો હતો. તે નાબૂદ કરવા અંગેની માંગ ઉગ્ર બની હતી. છતાં ભારતીય સમાજમાં તેના સંભવિત પ્રત્યાઘાતો અંગે કંપની સરકાર કે બ્રિટિશ સંસદ પૂરતી માહિતગાર ન હોવાને કારણે તેમના દ્વારા તાત્કાલિક નિર્ણય લેવો મુશ્કેલ હતો. છેવટે 1829માં ગવર્નર જનરલ લૉર્ડ બેન્ટિકે સતીપ્રથાને નાબૂદ કરતો ધારો પસાર કર્યો. આ પ્રતિબંધની ભારતીય સમાજમાં ખાસ કોઈ ઉગ્ર પ્રતિક્રિયા આવી નહીં. બાળહત્યાની જેમ સતીપ્રથાના વિરોધનો આરંભ પણ હિન્દમાં પશ્ચિમી શિક્ષણ લીધેલા શિક્ષિતવર્ગ, ખ્રિસ્તી મિશનરીઓ અને કેટલાક સરકારી અમલદારો દ્વારા કરવામાં આવ્યો હતો, જ્યારે આવા પગલાને કારણે ભારતમાં ઉગ્ર અને હિંસક પ્રત્યાઘાતના ભયને કારણે સરકાર આ અંગે ઢીલી નીતિ અપનાવી રહી હતી.

## 25.3.3 ગુલામી : (Slavery)

બ્રિટિશ શાસન દરમિયાન અન્ય એક સામાજિક અનિષ્ટ નાબૂદ કરવાનું પગલું ભરાયું. તે ગુલામીની પ્રથાને લગતું હતું. આર્થિક પરિભાષામાં કહીએ તો ગુલામીપ્રથા નીચે માનવશ્રમનું શોષણ કરવાની પ્રવૃત્તિ ઓછે-વત્તે અંશે ભારતના જુદાજુદા વિસ્તારોમાં પ્રચલિત હતી. મુંબઈ અને કલકત્તામાં ગુલામીનો વેપાર ચાલતો હતો. આરબ વેપારીઓ અરબસ્તાન અને આફ્રિકાથી ગુલામો પકડી લાવી વેચતા હતા. 1803ના ભિષણ દુષ્કાળ વખતે ઘણી ગરીબ અને નિઃસહાય વ્યક્તિઓએ ગુલામ તરીકે વેચાવાનું પસંદ કર્યું હતું.

અન્ય ઇલાકાઓની સરખામણીમાં મદ્રાસ ઇલાકામાં ખેતીક્ષેત્રે ગુલામીની પ્રથા વધુ પ્રચલિત હતી. ખાસ કરીને જ્યાં ખેતપ્રવૃત્તિ વ્યાપક હતી તેવા મલબાર, કુર્ગ, કેનેરા જેવા પ્રદેશોમાં તેનું પ્રમાણ વધુ હતું.

છેક અઢારમી સદીના અંતથી વિચારશીલ અંગ્રેજોનું ધ્યાન આ બાજુ દોરાયું હતું. પરંતુ સરકારે વિલંબની નીતિ અપનાવી હતી. 1774માં સરકારનું આ દિશામાં ધ્યાન દોરવામાં આવ્યું હતું. વિલ્બર ફૉર્સ જેવા માનવતાવાદી અને ધર્મપ્રભાવિત સુધારકે બ્રિટનમાં પ્રજાનું ધ્યાન આ સામાજિક અનિષ્ટ પ્રત્યે દોરવા સક્રિય પ્રયત્નો કર્યા હતા. 1820માં બ્રિટિશ સરકારે, પોતાને આધીન સંસ્થાનોમાં ગુલામીના વ્યાપારને ગેરકાયદેસર જાહેર કર્યો હતો. છતાં કંપનીએ પોતાના શાસન હેઠળના વિસ્તારોમાં આ પ્રથાને ધાર્મિક સમર્થન ધરાવતી પરંપરાને નામે ચાલુ રાખી હતી.

આમ છતાં સંજોગોના દબાણ નીચે કંપની સરકારે તેના પર નિયંત્રણ મૂકવા માટે 1811 અને 1832માં કેટલાક કાયદાઓ પસાર કર્યા હતા 1833નો સનદી ધારો પસાર કરતી વખતે બ્રિટિશ સરકારનું ધ્યાન આ સમસ્યા પ્રત્યે દોરવામાં આવ્યું હતું. ગુલામોની સ્થિતિ સુધારવા માટે અને શક્ય હોય તો કાયદા દ્વારા તેને નાબૂદ કરવા માટે ભલામણ કરવામાં આવી હતી. 1835માં ભારતીય કાયદાપંચની નિયુક્તિ કરવામાં આવી ત્યારે પણ ગુલામીપ્રથાને લગતો કાયદો ઘડવાનો મુદ્દો અગત્યનો બન્યો હતો.

1839માં કાયદાપંચે એક મુત્સદ્દો તૈયાર કર્યો, જેમાં ગુલામને કરવામાં આવતી શારીરિક શિક્ષાને ગુનાપાત્ર ગણવામાં આવી હતી. અલબત્ત, તેનો અમલ કરતાં પહેલાં તેના સંભવિત પ્રત્યાઘાતો અંગે પૂરતી તપાસ કરવામાં આવી. ભૂતકાળમાં લેવાયેલાં સુધારાવાદી પગલાંની કોઈ વિરોધી અસર જન્મી ન હતી, તેની ચકાસણી કરવામાં આવી. મુંબઈ અને મદ્રાસની પ્રાન્તીય સરકારોનો અભિપ્રાય પણ માગવામાં આવ્યો હતો. 1841માં કાયદાપંચે ગુલામીપ્રથા વિરુદ્ધ એક હેવાલ સરકાર સમક્ષ રજૂ કર્યો. અલબત્ત, સરકારે તે અંગે તાત્કાલિક કોઈ પગલાં ભરવાનું યોગ્ય ગણ્યું નહિ. બ્રિટનની પ્રજા અને

સરકાર આ માટે કંપનીતંત્ર પર દબાણ વધારી રહી હતી. છેવટે હિંદ સરકારે કાયદાપંચને આ માટે એક કાયદો ઘડવાનું સૂચન કરવાની ફરજ પડી. કાયદાપંચે ઘડેલા કાયદાને 1845માં પસાર કરવામાં આવ્યો. અલબત્ત, આ કાયદો પ્રમાણમાં ઘણો નરમ હતો. વ્યવહારમાં તે ખાસ ઉપયોગી સાબિત થયો નહિ. આ કાયદા દ્વારા એટલું જ ઠરાવવામાં આવ્યું હતું કે બ્રિટિશ કાયદો અને અદાલતો વેઠ કરાવવાના અધિકારને માન્ય ગણશે નહીં તથા સરકારી અમલદારો કોઈ વ્યક્તિને વેઠ કરવા માટે ફરજ પાડશે નહીં. અલબત્ત, પરંપરાથી ઘડાયેલા ગ્રામીણ સમાજમાં આ કાયદાની કોઈ તાત્કાલિક અસર પડી નહીં. ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં જ્યારે આર્થિક પરિબળોને કારણે ઉદ્યોગો, રેલવે, જાહેર બાંધકામ, બાગાયત જેવા રોજગારીનાં નવાં ક્ષેત્રોનો વિકાસ થયો ત્યારે જ વેઠ અને ગુલામીની પ્રથા વિલીન થઈ.



## 25.4 બ્રિટિશ નીતિ અને ભારતીય પ્રતિભાવ : એક મૂલ્યાંકન (The British Policy and Indian Response : An Assessment)

ઉપરની ચર્ચામાં આપણે ભારતીય સમાજ અને સંસ્કૃતિ પ્રત્યેના બ્રિટિશ વલણમાં સમયાંતરે આવતાં પરિવર્તનો નિહાળ્યાં. ભારતીય સામ્રાજ્યની ઉપયોગિતા અને રાજકીય હિતોને ધ્યાનમાં રાખીને બ્રિટિશ સરકારે ભારતમાં પોતાની નીતિનું ઘડતર કર્યું હતું. ભારતની સામાજિક અને સાંસ્કૃતિક બાબતોમાં દરમિયાનગીરી કરવા અંગે સરકારે ખૂબ સાવચેતીપૂર્ણ નીતિ અપનાવી હતી. પરિણામે ભારતીય સમાજ પર તેની અસર ઘણી મર્યાદિત રહેવા પામી. આમ છતાં સાંસ્થાનિક સત્તાએ ભારતની રાજકીય વ્યવસ્થામાં કરેલા ફેરફારોને કારણે તેની સામાજિક વ્યવસ્થામાં મહત્ત્વનાં પરિવર્તનો માટેનો પ્રવાહ શરૂ થયો હતો. બ્રિટિશ શાસકોએ ભારતના પરંપરાગત રાજકીય-સામાજિક અગ્રવર્ગોના સામાજિક સ્થાન અને મહત્તાનો સ્વીકાર કર્યો હતો, પરંતુ તેમના રાજકીય અધિકારોને કુશળતાપૂર્વક છીનવી લીધા હતા.

બ્રિટિશ શાસકોએ જે કાયદાકીય ફેરફારો સર્જ્યા તેના કરતાં તેણે અપનાવેલી શૈક્ષણિક ગતિ ભારતીય સમાજના પરિવર્તનને ક્ષેત્રે વધુ અસરકારક પુરવાર થઈ હતી. શૈક્ષણિક વિકાસની સૌપ્રથમ અસર બંગાળમાં પડી. ત્યાં નવું શિક્ષણ લીધેલો એક નાનકડો વર્ગ ઉદિત થયો. તે સરકારની સામાજિક નીતિ અંગે વિચારવિમર્શ અને ટીકાટીપ્પણ કરતો થયો. સરકારની સામાજિક દૂષણો નાબૂદ કરવાની નીતિને આ વર્ગે સાનુકૂળ પ્રતિભાવ આપ્યો. બંગાળમાં સુધારાવાદી પ્રવૃત્તિને આ વર્ગે નેતૃત્વ પૂરું પાડ્યું. બ્રિટનની પ્રગતિ અને પશ્ચિમી વિચારોથી પ્રભાવિત થયેલા બુદ્ધિજીવી નેતાઓ એવી માન્યતા ધરાવતા હતા કે ભારતીય સમાજમાં ઝડપી પરિવર્તનની આવશ્યકતા છે. પરંતુ તે સાથે ખ્રિસ્તી મિશનરીઓ દ્વારા ભારતીય સમાજના અંગ્રેજીકરણની પ્રવૃત્તિનો પણ તેઓ વિરોધ કરતા હતા. તેઓ ભારતીય સમાજના પરિવર્તન માટે તેના પાયામાં રહેલી ધાર્મિક માન્યતાઓમાં સુધારો કરવાના આગ્રહી હતા. અંધશ્રદ્ધા, કર્મકાંડ અને મૂર્તિપૂજાના પ્રભાવ હેઠળ રહેલા હિન્દુધર્મની તેઓ શુદ્ધ વેદાંતના પાયા પર પુનર્રચના કરવા ઇચ્છતા હતા. આ માટે તેમણે બ્રહ્મોસમાજ નામની સુધારાવાદી સંસ્થાની સ્થાપના કરી અને પશ્ચિમી મૂલ્યોની અસર નીચે ધાર્મિક સુધારણાની પ્રવૃત્તિ શરૂ કરી. અલબત્ત, આ પ્રવૃત્તિનું ક્ષેત્ર બંગાળના શિક્ષિત શહેરી વર્ગો પૂરતું મર્યાદિત રહ્યું. છતાં સામાજિક સુધારણાનો સંદેશ ધીમે ધીમે હિન્દના અન્ય વિસ્તારોમાં પણ પ્રસર્યો. બિનસરકારી સ્વૈચ્છિક સંગઠનો દ્વારા ભારતીય સમાજમાં સુધારા અને પરિવર્તન માટેની પ્રવૃત્તિઓનો વિકાસ થતો રહ્યો.

સુધારાની આ પ્રવૃત્તિ સંદર્ભે બ્રિટિશ શાસકો પોતાનાં રાજકીય હિતોની બાબતમાં ખૂબ જ સાવધાન રહ્યા હતા તે બાબત અત્રે યાદ રાખવી જરૂરી છે. આ કારણે હિંદના સામાજિક તથા ધાર્મિક પ્રશ્નોમાં દરમિયાનગીરી કરવાના પ્રશ્ને તેઓ ખૂબ જ ધીમી ગતિએ આગળ વધ્યા હતા. 1857ના વિપ્લવને પરિણામે આ નીતિમાં પણ મોટો અવરોધ ઊભો થયો. આ પછી સરકાર આ ક્ષેત્રે તદ્દન નિષ્ક્રિય બની ગઈ અને સામાજિક પરિવર્તનની તમામ કામગીરી મહદ્અંશે હિંદી નેતાઓ અને સ્વૈચ્છિક સંસ્થાઓ પર છોડી દેવામાં આવી.

## 'તમારી પ્રગતિ ચકાસો'-2

(પ્રત્યેક પ્રશ્નનો જવાબ 50 થી 60 શબ્દોમાં આપો.)

1. વૉરન હેસ્ટિંગ્ઝના સમય પછી કયાં પરિબળોને કારણે બ્રિટિશ સરકારની સામાજિક નીતિમાં પરિવર્તન આવ્યું ?

2. સતીપ્રથા, બાળહત્યા અને ગુલામીના અનિષ્ટ પ્રત્યે બ્રિટિશ સરકારની નીતિ અંગે ટૂંક નોંધ લખો.

3. હિન્દમાં સામાજિક નીતિને ક્ષેત્રે સાંસ્થાનિક સરકારની નીતિ પર કઈ મર્યાદાઓ હતી ?

4. બ્રિટિશ સરકારની સામાજિક નીતિ પ્રત્યે ભારતીય પ્રજાએ કેવો પ્રતિભાવ આપ્યો ?

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

..........................................................................................................

## 25.5 સારાંશ : (Let us Sum Up)

આ એકમમાં આપણે બ્રિટિશ સરકારની સામાજિક નીતિને ઘડનારાં ભૌતિક અને વૈચારિક પરિબળોની ચર્ચા કરી. સરકાર આ દિશામાં ખૂબ જ સાવચેતીપૂર્વક આગળ વધી હતી. સરકારી અમલદારોમાં અંગત પ્રયાસો, ખ્રિસ્તી મિશનરીઓની પ્રવૃત્તિઓ અને ભારતીય સમાજસુધારકોની માંગણીઓ પછી જ સરકારે આ ક્ષેત્રે દરમિયાનગીરી કરવાનું યોગ્ય માન્યું હતું. શિક્ષણ સિવાય અન્ય ક્ષેત્રે સરકારી નીતિની કોઈ વિશિષ્ટ અસર પડી ન હતી. ભારતીય પ્રજાએ પણ તેને ખાસ પ્રતભિાવ આપ્યો ન હતો. 1857ની ઘટના પછી સુધારાના આ મર્યાદિત પ્રયાસો પણ બ્રિટિશ સરકારે ત્યજી દીધા હતા.

## 25.6 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો :

**'તમારી પ્રગતિ ચકાસો'-1**

(1) જુઓ વિભાગ 25.1

(2) જુઓ વિભાગ 25.2

(3) જુઓ વિભાગ 25.2

**'તમારી પ્રગતિ ચકાસો'-2**

(1) વિભાગ 25.2 અને 25.3 તપાસી તેમની સરખામણી કરો.

(2) જુઓ વિભાગ 25.3

(3) જુઓ વિભાગ 25.4

## આ વિભાગ માટે કેટલાંક ઉપયોગી પુસ્તકો

Datta K.K. (ed.) *A Comprehensive History of India Volume XI.*

Chandra, Bipan, *Modern India.*

Kopf, David, *British Orientalism and the Bengal Renaissance*

Stokes, Eric : *English Utilitarians and India*

# નોંધ

નોંધ

# નોંધ